RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 7 * Issue No. 75* Date: 10.01.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આજે બપોરે ૪ કલાકે અંતિમવિધિ કરાશે, પ્રિયંકા-રાહુલ ગાંધી હાજર રહે તેવી શક્યતા

# ૪ વખત રાજ્યના મુખ્યમંત્રી રહેલા માધવસિંહ સોલંકીનુ નિધન

**રાષ્ટ્રપતિ,વડાપ્રધાન, મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું, પરિવારને સાંત્વના પાઠવી, રાજ્યમાં એક દિવસનો શોક,ખામ થિયરી અને મધ્યાહન ભોજનનો વિચાર સૌથી પહેલા તેમણે રજૂ કર્યો હતો**



ગાંધીનગર,તા.૯

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય વિદેશ મંત્રી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા માધવસિંહ સોલંકીનું નાદુરસ્ત તબીયતના કારણે આજે વહેલી સવારે ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. ભરતસિંહ સોલંકી આવતી કાલે એટલે રવિવારે સવારે અમેરિકાથી પરત ફરશે જે બાદ બપોરના ૪ કલાકે માધવસિંહ સોલંકીની અંતિમ વિધી કરવામાં આવશે. આવતીકાલે સદગતની અંતિમવિધિમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધી આવે એવી શકયતા છે.

સીએમ રૂપાણીએ રાજ્યમાં માધવસિંહ સોલંકીના સન્માનમાં એક દિવસનો શોક પાળવાની જાહેરાત કરી છે. માધવસિંહ સોલંકીની અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવાનો નિર્ણય પણ રૂપાણીએ કર્યો છે. આ સાથે જ રૂપાણીએ આજના તેમના મહીસાગર જિલ્લાના કાર્યક્રમો રદ કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ પણ શ્રદ્ધાંજલિ આપી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

માધવસિંહ સોલંકીએ ૪ વખત ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળ્યું હતું. માધવસિંહ સોલંકી ખામ થિયરી માટે જાણીતા થયેલા. જેના થકી તેઓ ૧૯૮૦માં ગુજરાતમાં સત્તામાં આવેલા.

ઉલ્લેખનીય છે કે, માધવસિંહ સોલંકી ગુજરાતમાં સૌથી વધુ બેઠકો સાથે શાસન કરનાર એકમાત્ર નેતા રહી ચૂક્યાં છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમનો રેકોર્ડ તોડી શક્યા નહતા.

માધવસિંહ સોલંકીનો જન્મ ૩૦ જુલાઈ, ૧૯૨૮ના રોજ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલા પિલુદરા ગામમાં રોજ થયો હતો. તેઓ સૌ પ્રથમ ૧૯૫૭માં મુંબઈ રાજયની વિધાનસભામાં ચૂંટાયા હતા. જો કે ૧૯૬૦માં વિભાજન બાદ તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા હતા.

માધવસિંહની ૧૯૭૫માં ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. જે બાદ ૨૪-ડિસેમ્બરે, ૧૯૭૬ના રોજ માધવસિંહ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. જો કે ખૂબ જ ટૂંકા સમય બાદ ૧૧ એપ્રિલ, ૧૯૭૭ના રોજ તેમણે પોતાના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધુ હતું.

જે બાદ બીજી વખત ૬ જૂન,૧૯૮૦માં માધવસિંહ ફરીથી મુખ્યમંત્રી બન્યા હતા. તે સમયે તેમણે ૧૯૮૫ સુધી પોતાનો મુખ્યમંત્રી તરીકેનો કાર્યકાળ પૂરો કર્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં ઉદ્યોગ, શિક્ષણ, વીજળી, સિંચાઈ, પછાત વર્ગોના વિકાસ વગેરે ક્ષેત્રોમાં કામગીરી કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભામાં ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરનારા પ્રથમ મુખ્યમંત્રી બનનારા માધવસિંહ સોલંકીને ફરીથી રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. જો કે ૬ જુલાઈ, ૧૯૮૫ના રોજ તેમણે રાજીનામું આપી દીધૂ હતું.

૧૦ ડિસેમ્બર, ૧૯૮૯ના રોજ અમરસિંહ ચૌધરીએ રાજીનામું આપતા માધવસિંહ સોલંકીને પુનઃગુજરાતના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

જે બાદ ફેબ્રુઆરી-૧૯૯૦માં ગુજરાત વિધાનસભાની ૮મીં ચૂંટણીમાં કોંગ્રેસે નિરાશાજનક પ્રદર્શન કરતા ૧૮૨માંથી માત્ર ૩૩ બેઠકો જ મળતા માધવસિંહ સોલંકીએ માર્ચ-૧૯૯૦માં મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધુ હતું.

માધવસિંહ સોલંકીએ રાજ્યમાં ઈસરોને જમીન આપી હતી અને તેમના શાસનકાળ દરમિયાન જ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના લાવવામાં આવી હતી. માધવસિંહ સોલંકી ૧૯૮૭થી બે વખત રાજયસભાના સાંસદ તરીકે પણ ચૂંટાયા અને કેન્દ્રમાં વિદેશ પ્રધાન પણ રહી ચૂક્યાં છે.

### ભંડારાની હોસ્પિટલમાં મોડી રાત્રે મોટી દુર્ઘટના સર્જાઇ, સાત બાળકોને બચાવાયા

# મહારાષ્ટ્રની સરકારી હોસ્પિટલમાં અગ્નિકાંડ: ૧૦ નવજાત બાળકોના મોત

**ન્યૂબોર્ન કેર યુનિટમાં ૧૭ બાળકો હતાં,ત્રણ નવજાત બાળકોના આગમાં ભડથૂ થતા તો સાતના શ્વાસ રુંધાવાથી મોત થયા**

*મુંબઇ,તા.૯*

મહારાષ્ટ્રના ભંડારામાં શનિવારે મોટી દુર્ઘટના બની ગઈ છે. અહીંની જિલ્લા હોસ્પિટલમાં મોડી રાતે બે વાગ્યે આગ લાગી ગઈ હતી, જેમાં ૧૦ બાળકનાં મોત થયાં છે, જેમની ઉંમર એક દિવસથી માંડી ૩ મહિના સુધીની છે. આગ લાગવાનું કારણ શોર્ટસર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે.મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ તપાસના આદેશ આપ્યા છે.

સિવિલ સર્જન પ્રમોદ ખંડાતેએ જણાવ્યું હતું કે આગ સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં સવારે ૨ વાગ્યે લાગી હતી. યુનિટમાંથી સાત બાળકને બચાવી લેવાયાં છે, સાથે જ દસ બાળકનાં મોત થયાં છે.

મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યુ કે અત્યાર સુધીમાં જાણકારી મળી છે. તેના જણાવ્યાનુસાર ૩ નવજાત બાળકોના આગમાં ભડથૂ થવાથી મોત થયા છે જ્યારે સાતના શ્વાસ રુંધાવાથી મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે આ સમગ્ર ઘટનની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ મામલામાં કોઈ ગુનેગારને છોડવામાં નહીં આવે. તેમણે કહ્યું કે પ્રત્યેક મૃતક શીશુના પરિવારના સભ્યોને ૫ લાખ રુપિયા વળતર આપવામાં આવે છે.

મળતી માહિતી પ્રમાણે, આ વોર્ડમાં લગભગ ૧૭ બાળક હતાં. અહીં નાજુક સ્થિતિવાળાં બાળકોને રાખવામાં આવે છે. સૌથી પહેલા એક નર્સે વોર્ડમાંથી ધુમાડો નીકળતાં જોયો. તેણે તાત્કાલિક હોસ્પિટલના અધિકારીઓને આની જાણ કરી. ત્યાર પછી સ્ટાફે આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો. આની ફાયરબ્રિગેડને પણ જાણ કરી દેવાઈ. ફાયરકર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. ઘટના પછી હોસ્પિટલની



બહાર ભીડ ભેગી થઈ ગઈ છે. લોકોનો આરોપ છે કે ઘટના માટે હોસ્પિટલ તંત્ર જવાબદાર છે.

મહારાષ્ટ્રના પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ ટ્વિટ કરીને પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. ફડણવીસે દુર્ઘટનાની તપાસ કરવા અને દોષિત વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.રાષ્ટ્રપતિએ કહ્યું કે, હોસ્પિટલમાં બાળકોના મોતથી ઘણું દુઃખ થયું છે. ઘટનામાં પોતાના બાળકોને ગુમાવનાર પરિવાર પ્રત્યે મારી સંવેદના છે.

સાથે જ વડાપ્રધાન મોદીએ આને હૃદય કંપાવી દે તેવી ઘટના ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, અમે ઘણી કિંમતી નવી જિંદગીઓ ગુમાવી દીધી. મારી સંવેદનાઓ પીડિત પરિવાર સાથે છે. મારી પ્રાર્થના છે કે ઘાયસ બાળકો ઝડપથી સાજા થઈ જાય.

### પેંગોગ લેકના દ.કિનારાના વિસ્તારમાં ઘૂસતો ઝડપી પાડ્યો

# ચીની સૈનિક ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરતો રંગેહાથ ઝડપાયો

ન્યુ દિલ્હી,તા.૯

લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ પર ભારત અને ચીન વચ્ચે તણાવ ઓછો કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. પરંતુ ચીન આડોડાઈ સતત ચાલુ રાખી રહ્યું છે. શુક્રવારે ચીનનો એક સૈનિક ભારતીય સીમામાં ઘુસી ગયો હતો. ઘટના સ્થળે તહેનાત ભારતીય જનાવે તેની ધરપકડ કરી લીધી હતી. ઓક્ટોબર મધ્યમાં પણ એક ચીની સૈનિકની ભારતીય સીમામાં ઘુસણખોરીના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

ઈન્ડિયન આર્મીના જણાવ્યા પ્રમાણે ૮ જાન્યુઆરી શુક્રવારે ચીનના એક સૈનિકે ભારતીય સીમમાં ઘુસણખોરીનો પ્રયત્ન કરતાં તેની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના પેંગોન્ગ ત્સો લેકના દક્ષિણ વિસ્તારની છે. પીપુલ્સ લિબરેશન આર્મીના આ સૈનિકને ભારતીય વિસ્તારમાં તહેનાત સૈનિકે જોઈ લીધો હતો.

સેનાના જણાવ્યા પ્રમાણે એલએસીની બંને બાજુ ભારત અને ચીનના સૈનિકો તહેનાત હતા. ગયા વર્ષે ૧૫ જૂને થયેલી હિંસક ઝપાઝપી પછી બંને દેશોએ અહીં સૈન્ય વધારી દીધું છે. હવે એ તપાસ કરવામાં આવી રહી છે કે, કઈ સ્થિતિમાં આ સૈનિકે ભારતીય સીમમાં ઘૂસણખોરી કરી છે.

ભારતીય સેનાના સૂત્રોએ કહ્યું છે કે, ચીની સૈનિકની ધરપકડ વિશે તેમના ઓફિસરોને માહિતી આપવામાં આવી છે. આ વિશે બંને દેશની સેના સંપર્કમાં છે. ઓક્ટોબર પછી આ બીજો મોકો છે જ્યારે પીએલએના કોઈ સૈનિકે ભારતીય સીમામાં ઘુસવાનો પ્રયત્ન કર્યો છે. ઓક્ટોબરમાં ડેમચોક સેક્ટરમાં એક સૈનિકની ધરપકડ કરવામાં આવી હતી. ૨૧ ઓક્ટોબરે તેને ચુશુલ-મોલ્ડો મીટિંગ પોઈન્ટ પર ચીની ઓફિસર્સને સોંપી દેવામાં આવ્યો હતો. તે બે દિવસ ભારતીય સેનાની અટકાયતમાં રહ્યો હતો.

એલએસી પર બંને દેશોના સૈનિકો મોટી સંખ્યામાં સામસામે તૈનાત છે. એપ્રિલ મહિનામાં જ કેટલાક ચીની સૈનિકોએ ભારતીય સરહદમાં અતિક્રમણ કરવાનો પ્રયાસ કર્યો હતો જેનો ભારત તરફથી આકરો જવાબ આપવામાં આવ્યો હતો. બાદમાં ૧૫ જૂને ગલવાન ખીણમાં ચીની સૈનિકોએ ષડયંત્ર રચી ભારતીય સૈનિકો પર બિન-પરંપરાગત હથિયારો વડે હુમલો કર્યો હતો જેમાં ૨૦ ભારતીય સૈનિકો શહિદ થયા હતાં જ્યારે લગભગ બે ઘણા ચીની સૈનિકો માર્યા ગયા હતાં.

### કેલિફોર્નિયા અને ફ્લોરિડામાં નવા સ્ટ્રેનની સૌથી વધુ અસર

# અમેરિકા માટે કોવિડ-૧૯ માથાનો દુઃખાવો, ૮ રાજ્યોમાં જોવા મળ્યો નવો પ્રકાર

*વોશિંગ્ટન,તા.૯*

કોરોના મહામારીમાં નવા સ્ટ્રેનથી સમગ્ર વિશ્વમાં હાહાકાર મચ્યો છે. ફાઈઝરની વેક્સિન દુનિયા માટે સંકટ બનેલા કોવિડ-૧૯ના નવા સ્ટ્રેન વિરુદ્ધ કારગર સાબિત થઈ છે. ફાઈઝરે પોતાની લેબમાં જ આ વાયરસ વિરુદ્ધ રસીનું પરીક્ષણ કર્યુ હતું. જે પ્રભાવી સાબિત થયું હતું પરંતુ હવે કોરોનાનો નવો સ્ટ્રેન અમેરિકા માટે માથાનો દુઃખાવો સાબિત થયો છે. ઓફિશિયલ સૂત્રોના જણાવ્યાનુસાર અમેરિકાના ૮ રાજ્યોમાં નવો સ્ટ્રેન જોવા મળ્યો છે.

આ ઉપરાંત અમેરિકામાં રોજના કોરોનાના કેસની સંખ્યા પણ વધતી જઈ રહી છે. ગત વર્ષે બ્રિટનમાં જોવા મળેલો કોરોનાનો મ્૧૧૭ સ્ટ્રેન સામાન્ય સ્ટ્રેનથી ૪૦થી ૭૦% વધુ ઘાતક સાબિત થયો છે. જે હવે ઝડપથી અમેરિકામાં ફેલાતો જાય છે. અમેરિકન સેન્ટર ફોર ડિસિઝ કંટ્રોલ (ઝઙ્ઘઝ)એ શુક્રવારે જણાવ્યું કે, અમેરિકામાં કોરોનાના નવા સ્ટ્રેનનો કેસ છેલ્લા અઠવાડિયામાં મળી આવ્યો હતો. જે હવે આઠ રાજ્યોમાં ફેલાઈ ગયો છે. જેમાંથી કેલિફોર્નિયા અને ફ્લોરિડામાં નવા સ્ટ્રેનની સૌથી વધુ અસર જોવા મળી છે. ઓફિશિયલ સૂત્રોના જણાવ્યાનુસાર કોલારાડો, ટેક્સાસ, ન્યૂયોર્ક, જ્યોર્જિયા, કનેક્ટિકટ અને પેન્સિલવેનિયામાં નવા સ્ટ્રેનનું પ્રસરણ થયું છે. જ્યાં કુલ ૬૩ કેસ નોંધાયા છે. અમેરિકાના ટોચના મહામારી એક્સપર્ટ એન્થોનીએ ન્યૂઝવીકને જણાવ્યાનુસાર, 'હજુ પણ કોરોનાનો નવો સ્ટ્રેન અન્ય રાજ્યોમાં પણ ફેલાવાનો ભય રહેલો છે.'

એક્સપર્ટે આશંકા દર્શાવી હતી કે, અમેરિકામાં હજુ સામાન્ય કોરોનાનું પ્રસરણ રોકાયું નથી ત્યાં જ નવા સ્ટ્રેન બી૧૧૭ અને સાઉથ આફ્રિકામાં મળી આવેલો ખતરનાક સ્ટ્રેન જે બી૧૩૫૧ તરીકે ઓળખાય છે તે પણ અમેરિકામાં ફેલાઈ રહ્યો હોવાની આશંકા છે. સીડીસીના સ્પોકપર્સને જણાવ્યું હતું કે, જ્યારથી મહામારી શરુ થઈ છે ત્યારથી રિસર્ચર્સ કોરોનાના સ્ટ્રેન પર નજર રાખી રહ્યાં છે. નવેમ્બર-ડિસેમ્બરમાં ૫,૭૦૦ સેમ્પલ કલેક્ટ કરી લેવામાં આવ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૬૭૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૧૨૭૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૮૫૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૯૦૬૫**

### જૂન મહિનાથી ચીનના બંદર પર ફસાયેલુ

# ભારતીય કાર્ગો શીપ ચાલક દળ સહિત સ્વદેશ માટે રવાના

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના મહામારીના ઉદભવ સ્થાન ચીનના બંદર પર ૧૩ જૂનથી અટવાયેલુ ભારતીય કાર્ગો શીપ અને ૨૩ ભારતીય ચાલક દળ સહિત સ્વદેશ પાછુ ફરી રહ્યું છે. પોર્ટ, શિપિંગ એન્ડ વોટરવેયસ મંત્રી મનસુખ માંડવિયાએ શનિવારે આ અંગેની માહિતી આપતા જણાવ્યું કે, ચીનના જિંગટાંગ પોર્ટ પરથી એમ.વી.જગ જહાજ જાપાનના ચિબા પોર્ટ તરફ રવાના થઇ ચૂક્યુ છે અને ૧૪ જાન્યુઆરીએ જાપાન પહોંચશે. જાપાનમાં કોરોના પ્રોટોકોલ્સની પ્રક્રિયાને પૂર્ણ કરીને કાર્ગો શીપ ભારત પરત ફરશે.

કેન્દ્રિય મંત્રી માંડવિયાએ આ અંગે ટ્વીટમાં લખ્યું હતું કે, ચીનમાં ફસાયેલા આપણા સીફર્સ ભારત પરત આવી રહ્યા છે. જહાજ એમ.વી. જગ આનંદ જેની પર ૨૩ ભારતીય ચાલક દળ છે, ચીનમાં ફસાયું હતું. એ હવે જાપાનના ચિબા તરફ રવાના થયું છે ત્યારબાદ એ ભારત પહોંચશે.

૧૪ જાન્યુઆરીએ જાપાન પહોંચ્યા પછી કાર્ગો શીપના ચાલક દળને બદલવામાં આવશે, જે પછી તે ભારત માટે રવાના થશે. ચીની પ્રશાસને કોરોના મહામારીને લીધે દેશભરના બંદરો પર ચાલક દળ બદલાવાની મંજૂરી આપી નહી.

નોંધનીય છે કે, કોર્ગો શીપ એમ.વી. જગ ૧૩ જૂનથી ચીનના જિંગટાંગ બંદર પર ઉભુ રહ્યું હતું. તેની પર ૨૩ ભારતીય નાગરિક ચાલક દળ હતા જેઓ સંપૂર્ણ રીતે શીપ પર ફસાઇ ગયા હતા. અન્ય એક જહાજ અનાસતાસિયા પણ ૨૦ સપ્ટેમ્બરથી ચીનના કોઓફિદિયાન બંદર પર ૧૬ ભારતીય નાગરિક ચાલક દળ સાથે ફસાઇ ગયું હતું અને ડિલિવરી માટે ચીનની મંજૂરી માટે રાહ જોઇ રહ્યું હતું. કેન્દ્ર સરકાર હાલમાં ૩૯ ચાલક દળને ભારત પરત બોલાવવાના પ્રયત્ન હેઠળ છે.

# તંત્રી સ્થાનેથી...


## કૃષિ કાનૂનને કારણે ખેડૂતોને લાભ થશે કે મોટા ઉદ્યોગકારોને.....?!

દેશમાં કોરોના કેસો દિવસે દિવસે ઘટવા સાથે ૧ કરોડ ઉપરાંત કોરોના દર્દીઓ સાજા થઈ ગયા છે. બીજી તરફ દેશભરમાં કોરોના રસી આપવા કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારોએ રસી આપવા માટેની જરૂરી તમામ તૈયારીઓ કરી લીધી છે. કેટલાક રાજ્યમાં ટ્રાયલ બેઝ પર રસી આપવામાં આવી રહી છે અને આવા સમયે રાજકીય ક્ષેત્રે કોરોના રસી બાબતે ધમાસણ ચાલવા સાથે નવા કૃષિ કાનુન રદ કરવા માટેના આંદોલનને તોડી પાડવા કોરોનાની દહેશત બતાવવામાં આવી રહી છે તે બાબતમા પણ ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.કોરોનાએ દેશભરમાં દરેક ક્ષેત્રોને જે નુકસાન પહોંચાડયું છે તે અધધ..... છે... તેમાં સૌથી વધુ સહન કરવાનું મધ્યમવર્ગ, શ્રમજીવી વર્ગ અને ગરીબોના ભાગે આવ્યું છે. જેમાં એક ઘટનામાં વિદેશમાંથી ભારતમાં આવી પહોંચેલાઓમાં સૌથી વધુ લોકો કેરળ રાજ્યના છે. જેઓ વિદેશોમા નોકરી-વ્યવસાય કરતા ૮.૪૩ લાખ લોકો દેશમાં પરત ફર્યા છે જેમાંથી ૫.૫૨ લાખ લોકોએ નોકરી ગુમાવી છે. કોરોનાને નાથવા ભારત સહિત વિશ્વનાં અન્ય દેશોમાં વિવિધ વેક્સિન નોંધાવા સાથે વિદેશોમાં રસી આપવાનો શરૂ થઈ ગયું છે. જ્યારે ભારતમાં પણ બે રસી સફળ રહી હોવાના દાવા થયા છે .કેટલાક રાજ્યમા રસી આપવાનુ ટ્રાયલ બેઝ પર શરૂ થયું છે. તો આગામી ૧૪ મી જાન્યુઆરીથી દેશભરમાં મોટાપાયે વેક્સિન આપવાનું શરૂ થનાર છે. ત્યારે લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપ યાદવે લોકોમાં રસી અંગે પ્રવર્તી રહેલી શંકાઓને લઈને વૃંદાવન બાંકે બિહારીના દર્શન કરવા આવેલા ત્યારે પત્રકારોને જણાવ્યું કે લોકોને કોરોનાવાયરસ લેવા માટે સારો સંદેશો આપવા માટે ખુદ વડાપ્રધાન મોદીજીએ રસી લેવી જોઈએ.... ત્યારબાદ હું રસી લઈશ અને મારા પિતા પણ રસી લેશે.... જ્યારે કે દેશમાં આજે અનેકોમાં રસી બાબતે શંકાઓ ફરી વળેલુ છે....!

દેશમાં ચાલી રહેલા કૃષિ કાનૂન રદ કરવાના ખેડૂતોના આંદોલનમાં લાખો ખેડૂતો સમગ્ર દિલ્હી રાજ્યની બોર્ડરો પર શાંતિથી આંદોલન ચલાવી રહ્યા છે. કેન્દ્ર સરકાર સાથે ૧૦ બેઠકો થઇ છતાં કોઈ જ પરિણામ આવ્યા નથી. તો સરકારે નવા કરષિ કાનુન પરત ખેંચવામાં નહીં આવે તેવું સ્પષ્ટ કહી દીધું છે.... તો ખેડૂતો નવા ત્રણેય કૃષિ કાનુનો પરત ખેંચવા અડી ગયા છે. જોકે સરકારે ખેડૂતોને સુપ્રીમમાં જવા કહી દીધું છે... ત્યારે ખેડૂતો કોર્ટમાં જવા પણ તૈયાર નથી. થોડા દિવસ પહેલાં ખેડૂત આંદોલનને કારણે કોરોના ફેલાવાની દહેશત વ્યક્ત કરવામાં આવી હતી. જ્યારે કે ખેડૂત આંદોલનથી કોરોના દૂર રહ્યો છે અને એક પણ ખેડૂત કોરોનાની ચપેટમાં આવ્યો નથી.અને આવા સમયમાજ સુપ્રીમમાં કેટલીક અરજીઓ દાખલ થયેલ જેમા સુપ્રીમ કોર્ટ કહ્યુ કે સરકાર તરફથી કોઇ જોઈતા પ્રયાસો થયા નથી....તે સાથે એવું પણ કહ્યુ કે આંદોલનના કારણે કોલાનાં ફેલાવાની શક્યતા છે... અને આ બાબત સરકારે પકડી લીધી છે જે બહાને ખેડૂત આંદોલન વિખેરી શકાય.... પરંતુ જે રીતે ખેડૂતો કૃષિ કાનુન રદ કરવા સહિતના વિવિધ કાર્યક્રમો સાથે શાંતિથી આંદોલન ચલાવી રહ્યા છે અને સરકારને પણ કહી દીધું છે કે કૃષિ કાનુનો રદ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે... મરેગે યા જીતેગે.... બીજી તરફ લાલુ પુત્ર તેજ પ્રતાપે કહ્યું કે કૃષિ કાનુન ખેડુતોને મજૂર બનાવી દેવા માટેનો છે... આ કાયદાથી મોટા ઉદ્યોગ-ધંધાર્થીઓ ખેતી ઉપર કબજો કરી લેશે, સરકારે ખેડૂતોના હિતમાં કામ કરવું જોઈએ પણ આ સરકાર નથી કરતી... તો રાહુલ ગાંધીએ આંદોલનને સમર્થન આપતાં કહ્યું છે તે સરકારની નીતિ સાફ નથી અને ખેડૂતોને તારીખ પર તારીખ આપ્યા કરે છે. આખરે ખેડૂત પ્રશ્ને કોઈ નિવેડો ન આવતા ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહને વડાપ્રધાને ખેડૂત આંદોલન માટેની દોર સોપી દીધી છે... જોઈએ હવે આગળ શું પરિણામ આવે છે.....!

# સદાબહાર સૂર

## અવિનાશ વ્યાસ




શ્રી અવિનાશ વ્યાસ નામની મને ઓળખ થઈ ‘ મેંદી રંગ લાગ્યો’ ફિલ્મના ગીત “મેંદી તે વાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે” ગીતથી પણ એ પછી તો આજ સુધી એમના ગીત-ગરબાનો રંગ આજ સુધી મારા મન પર એવો તો છવાઈ ગયો છે કે આજે પણ સ્મૃતિમાં સળવળાટ કરતું બેઠું થાય છે. અવિનાશ વ્યાસ માટે કહેવાયું છે કે એ એક અમરત્વ લઈને ગયા છે, એક ભવ્ય વારસો મુકીને ગયા છે. વાત કેટલી સાચી છે. કોણ જાણે કેટલાય વર્ષોથી આ મેંદી અસ્તિત્વમાં તો આવી હશે પણ જાણે એની સાચી ઓળખ,એનો ખરો રંગ પરખાયો અવિનાશ વ્યાસની આ રચનાથી.

“કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર,
ઘુંઘટમાં જોબનની જ્વાળા, ઝાંઝરનો ઝમકાર,
લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર,
લટકમટકતી ચાલ ચાલતી જુવો ગુર્જરી નાર, અરે ભાઈ જુવો ગુર્જરી નારપપ.

અરે ભાઈ જુવો ગુર્જરી નારના નાદથી શરૂ થતો આ ગરબો મારી અંદરની ગુજરાતણને આજે પણ જગાડે છે. ..આ ગીત તો મેં અને તમે કોણ જાણે કેટલાય લોકોએ કેટલીય વાર ગાયું હશે નહી? મારી જેમ તમે સૌએ પણ આ ગીત કેટલીય વાર ગણગણી લીધું હશે. કેટલીય વાર આપણે એના તાલે ગરબે ઘૂમી પણ લીધું હશે નહીં? પણ લોકસમાજને હૈયે રમતી રચના જેમ ભુલાતી નથી તેમ અવિનાશ વ્યાસ યાદ આવ્યા વગર રહેતા પણ નથી.

આ ગીતમાં એવું તે શું છે કે યાદ કરી ફરી ફરીવાગોળવાનું,ગાઈનેગરબેઘૂમવાનું મન થાય? એના શબ્દો કે એની ધૂન ? શબ્દોની કે તેની સાથે જોડાયેલી વાર્તા વિશે તમને આછોપાતળો ય અંદાજ હશે? આ આખા ગીતમાં પ્રિયતમનાવિરહમાં ઝૂરતી એક પરણિતાની વાત છે. પતિ પરદેશ છે અને દિયર તેને મેંદી લગાવવાનું કહે છે ત્યારે પત્નીના મનમાં ઉઠતા ભાવો તે ગીતમાં વ્યક્ત કરે છે પણ એ ભાવો એ સમયની નારીના છે.

આમ જોવા જઈએ તો મૂળ વાત તો ગાયકી, સૂરીલા અવાજની છે જે ક્યાં સૌના નસીબની વાત છે પણ કેટલાય ગીતો એવા છે જે આજે પણ સામાજિક પ્રસંગોથી માંડીને સ્ટેજ પર ગવાયા છે અને ગવાતારહેવાના છે.

જે ગેય એટલે કે ગાઈ શકાય છે એવી રચાનાઓનું પણ કેટ-કેટલું વૈવિધ્ય? નરસિંહ મહેતાના પ્રભાતિયાથી માંડીને મધ્યકાલિનગીતપરંપરા, પ્રાચીન રાસ-ગરબા, સમકાલીન ગુજરાતી ગીતો, આધુનિક -જેને રેપ સોંગની કક્ષામાં મુકી શકાય એવા ગીતો, ગઝલોની સમૃદ્ધિ, રંગભૂમિને ગજવતાગીતોનો વૈભવ અને ફિલ્મો દ્વારા પ્રચલિત ગીત-સંગીત. આ ફિલ્મોને તો એટલે યાદ કરવી જ પડે. ઘણીવાર વર્ષોથી સાંભળતા આવેલા ગીતો કાનની આદત બની જાય. શબ્દો માટે સંગીત પણ એટલુંજ અસરકારક માધ્યમ ખરું હો કે. મોઝાર્ટ કે બિથોવનનીસિમ્ફની હોય તો એ પણ કાનને તો એટલી જ ગમવાની. કેટલીક વાર એવું ય બને કે જેમાં શબ્દ ન પકડાય કે ન સમજાય પરંતુ એનું સંગીત ચિત્તને, આત્માનેઝંકૃત કરી દે.અવિનાશભાઈના એવી કેટલીય રચનાઓ હોય કે જે સીધી જ આપણી પ્રકૃતિ સાથે એકાત્મક કરી દે અને એ જાણે આપણા જ હોય એટલા સ્વભાવિકલાગે.

એવી જ રીતે લોકગીતોનો પણ અનોખો ઈતિહાસ છે. ક્યારે, કોણે એ રચ્યા છે એના મૂળ સુધી ઉતર્યા વગર સાવ સરળતાથી સ્વીકારી લેવાયેલા ગીતો. આ લોકગીત માટે એવું કહેવાય છે કે “લોકો વડે ઘડાતું અને ગવાતું ગીત. કંઠસ્થ સાહિત્ય પરંપરાથી ચાલ્યા આવતા કે કોઈ અજ્ઞાત ગીતકારે જોડીને વહેતા મુકેલા ગાન.” એક સમય હતો જ્યારે સ્ત્રીઓને એટલી ક્યાં મોકળાશ હતી કે સૌની વચ્ચે આવીને પોતાની વાત કહે. ત્યારે એ ઘરમાંજ રહીને ઘંટી પર ધાન દળતા, ઘમ્મર વલોણામાંથી માખણ તારતા કે પછી સરખે સરખી સહિયર સાથે કૂવાના કાંઠે પોતાનો રાજીપો કે વ્યથા વ્યકત કરતી વેળા મનમાંથી આપોઆપ સ્ફૂરીઉઠેલાશબ્દોનેએ એક હલક સાથે ગણગણી લેતી હશે અને સમય જતા એ લોકગીત તરીકે સ્વીકારાઈ ગયા હશે.

અવિનાશ વ્યાસ પોતાની કૃતિઓ જાતે જ સ્વરબદ્ધ કરતા હતા. તેમની રચનાઓ જેટલી કાવ્યમય હતી તેટલી જ સુરીલી પણ હતી. પછી તો તેમના ગીતો અને ગરબા તો ઘર ઘર સુધી પહોંચ્યા અને એટલી હદે તો એ સૌને પોતાના લાગ્યા, એના કર્ણપ્રિય શબ્દ અને સંગીતના લીધે કંઠસ્થ થવા લાગ્યા અને પછી તો એના ગીતકાર-સંગીતકાર કોણ છે એના ઊંડાણ સુધી જવાના બદલે એને લોકગીત માનીને પણ એ ગવાતા રહ્યા, ઝીલાતા રહ્યા અને એના તાલે સૌકોઈ તન-મનમાં થનગાટ સાથે ઝૂમ્યા પણ એની પરવા ક્યાં આ સંગીતકારને હતી પોતાનો નિજ આનંદ લઈ એક પછી એક રચના કરતા ગયા અને પોતાની સાથે બીજા અનેક કવિની રચનાને સ્વરબદ્ધ કરી સમૃદ્ધ કરતા ગયા. પછી તો એમની ગુજરાતી ગીતોનીધુનનો પ્રયોગ હિંદી ફિલ્મમાં થયો.

આ ગુજરાતી ગીત-ગરબા શેરીથીમાડીને સ્ટેજ સુધી તો પહોંચ્યા જ સાથે એની લોકપ્રિયતાને લઈને કંઇ કેટલીય ગુજરાતી ફિલ્મોમાં પણ એ ગવાયા. તેમનાં ગીતોમાંસાહિત્યિકતા ઘણાને ઓછી જણાય પણ સહજતા ઘણી છે એટલું તો હું જરૂર કહીશ.

ગુજરાતના લોકજીવન, સંસ્કારજીવનને ઉજાગર કરતા અનેક ગીતો તેમણે લખ્યાં અને સંગીતબદ્ધ કર્યાં ‘પાંદડુ લીલુ ને રંગ રાતો, હેજી મારી મેંદીનોરંગમદમાતોપ.’ ગીત હોય કે ‘‘નયન ચકચૂર છે’ ગીત પણ આજે ક્યાં ભૂલાય છે ? કેવા મઝાના ગીતો ? કહેવાય છે કે એટલે જ તો અવિનાશ વ્યાસ ગુજરાતી સંગીતના ભીષ્મપિતાકહેવાયા. એમણે જ તો સુગમ સંગીતને શિખરે બેસાડ્યું. આપણે આ શિખરનેઆંબવાનો આયાસ આપણે કરીશું ને?

**Rajul Kaushik**
http://www.rajul54.wordpress.com




## ટ્રમ્પ સત્તા છોડતા પહેલાં પરમાણુ હુમલો ના કરી દે: સ્પીકર નેન્સી પેલોસીએ આશંકા વ્યક્ત કરી

*વોશિંગ્ટન,તા.૯*

અમેરિકન સંસદ પરિસરમાં થયેલી હિંસા બાદથી ડેમોક્રેટિક પાર્ટી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિરૂદ્ધ મુખર છે. અમેરિકન સંસદના સ્પીકર નેન્સી પેલોસીએ ડોનાલ્ડ ટ્રમ્પને લઇ આશંકા વ્યકત કરી છે કે કયાંક તેઓ પરમાણુ હુમલો ના કરી દે. નેન્સી પેલોસીએ ટ્રમ્પને તરત રાષ્ટ્રપતિ પદ છોડાવાની પણ માંગણી કરી છે.

નેન્સી પેલોસી એ કહ્યું કે તેમણે આ સંબંધમાં અમેરિકન સેનાના જોઇન્ટ ચીફસ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ માર્ક મિલી સાથે વાત કરી. પેલોસીએ તેમને ‘સનકી’ ટ્રમ્પના સૈન્ય એકશન અને ન્યુક્લિઅર હુમલાના આદેશથી દૂર રાખવાનું કહ્યું છે. પેલોસીએ આ સંબંધમાં ડેમોક્રેટિક સાંસદોને લખેલા પત્રમાં કહ્યું કે તેમણે જનરલ માર્ક મિલેને રાષ્ટ્રપતિ ટ્રમ્પના ન્યુક્લિઅર કોડને લઇ વાત કરી છે. ન્યુક્લિઅર કોડની મદદથી જ અમેરિકાના રાષ્ટ્રપતિ પરમાણુ હુમલો કરવાનો આદેશ આપે છે.

ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદ પરથી હટવાની પોતાની માંગણીને દોહરાવતા નેન્સી પેલોસીએ કહ્યું કે આ પ્રકારના અસ્થિર મગજવાળા રાષ્ટ્રપતિની સ્થિતિ આનાથી વધુ ખતરનાક હોઇ શકતી નથી અને આપણે આપણા દેશ અને આપણા લોકતંત્ર પર કોઇ હુમલાની સુરક્ષાને લઇ એ બધું જ કરવું જોઇએ જે આપણે કરી શકીએ છીએ. અમેરિકન સંસદના સ્પીકરે એમ પણ કહ્યું કે જેટલું ઝડપી થઇ શકે તેટલી ઝડપથી ડોનાલ્ડ ટ્રમ્પને પદ પરથી હટાવાની કાર્યવાહી શરૂ કરવાની આશા છે.

નેન્સી પેલોસી એ કહ્યું કે જો ટ્રમ્પ સ્વેચ્છાએ હટતા નથી તો સંસદ તેમના પર એકશન લેશે. તેમણે રાષ્ટ્રપતિ નિક્સનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે કેવી રીતે ૫૦ વર્ષ પહેલાં રાષ્ટ્રપતિ નિક્સનને સંસદે રાજીનામું આપવા માટે મજબૂર કર્યા હતા. ડેમોક્રેટ નેતા એ કહ્યું કે આજે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઠીક એવું જ ખતરનાક રાજદ્રોહનું કામ કર્યું છે. તેમણે સંસદમાં રિપબ્લિકન સેનેટ સભ્યોને આ ઉદાહરણનું અનુસરણ કરતા ટ્રમ્પને તેમની ઓફિસમાંથી તાત્કાલિક જવાનું કહી દેવાનો આગ્રહ કર્યો. જો ટ્રમ્પ સ્વેચ્છા એ રાષ્ટ્રપતિનું પદ છોડતા નથી તો અમેરિકન સંસદ આગળની કાર્યવાહી કરશે.

## ભારતીય કૂળની સાબ્રિના સિંઘ કમલા હેરિસની સહાયક નીમાઇ



વોશિંગ્ટન,તા.૯

અમેરિકાના નવા ચૂંટાયેલા ઉપપ્રમુખ કમલા હેરિસની પ્રેસ સેક્રેટરી તરીકે ભારતીય કૂળની સાબ્રિના સિંઘની વરણી કરાઈ હતી. તાજેતરમાં થયેલી અમેરિકી પ્રમુખપદની ચૂંટણી વખતે પણ સાબ્રિના કમલા હેરિસની પ્રેસ સચિવ હતી.

નવા ચૂંટાયેલા પ્રમુખ જો બાઇડન અને ઉપપ્રમુખ કમલા હેરિસને સત્તા હસ્તાંતરણમાં મદદ કરી રહેલા જૂથે આ વરણીની ઔપચારિક જાહેરાત કરી હતી.

સાબ્રિના ભારતીય કૂળની છે. એનો પરિવાર લાંબા સમયથી અમેરિકામાં વસી ગયો હતો. અત્યાર અગાઉ સાબ્રિનાએ ડેમોક્રેટિક નેશનલ કમિટિમાં ડેપ્યુટી કોમ્યુનિકેશન ડાયરેક્ટરની જવાબદારી સંભાળી હતી. અમેરિકી બ્રિજના ટ્રમ્પ વૉર રૂમમા સંચાલકની જવાબદારી પણ એણે પાર પાડી હતી. ૨૦૧૬માં હિલેરી ક્લીન્ટનના રાષ્ટ્રપતિપદની ઉમેદવારી વખતે સાબ્રિનાએ મહત્ત્વની કામગીરી કરી બતાવી હતી. માઈક બ્લૂમબર્ગે પ્રમુખપદની ઉમેદવારી કરી ત્યારે પણ સાબ્રિના મુખ્ય પ્રવક્તા હતી અને કોરી બૂકરના રાષ્ટ્રપ્રમુખ અભિયાન વખતે પણ સાબ્રિનાએ મિડિયા પ્રવક્તાની કામગીરી બજાવી હતી.

તાજેતરની વાત કરીએ તો જો બાઇડન અને કમલા હેરિસના ચૂંટણી પ્રચારમાં મિડિયા કો-ઓર્ડિનેટર તરીકે સાબ્રિનાએ સરસ કામગીરી બજાવી હતી. આ બધી કામગીરીના સિરપાવ રૂપે હવે એને ઉપપ્રમુખ કમલા હેરિસના પ્રેસ સેક્રેટરી તરીકેની નિમણૂક મળી હતી. આ એક બહુ મોટી જવાબદારી છે. અમેરિકી પ્રમુખ અને ઉપપ્રમુખની દેશ અને વિશ્વ માટેની નીતિઓ વિશે સાબ્રિનાએ આંતરરાષ્ટ્રીય મિડિયાને સતત માહિતગાર કરવાનું છે.

## કોરોના કાળમાં દેશ વધારે તાકાતવર બન્યો: મોદી

ન્યુ દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનને સંબોધિત કરતાં કહ્યું કે આજે નવી પેઢી ભલે મૂળિયાથી દૂર થઇ ગઇ હોય, પરંતુ તેમનો લગાવ ભારત સાથે વધ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વખતે કોરોના કાળમાં ભારતના લોકોએ શાનદાર કામ કર્યું છે અને આ લોકો આસપાસના લોકો પ્રત્યે મદદરૂપ દેખાયા. આ દરમ્યા ભારતના લોકો એ સેવા ભાવનો પરિચય કરાવ્યો છે. આપને જણાવી દઈએ કે આ વખતે પ્રવાસી ભારતીય દિવસનો વિષય આત્મનિર્ભર ભારત છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે દુનિયા સાક્ષી છે કે જ્યારે પણ ભારતના સામર્થ્ય પર પ્રશ્ન કરાયા ત્યારે દર વખતે ભારતીયોએ તેમને ખોટા સાબિત કર્યા છે. જ્યારે ભારત પરાધીન હતું તો યુરોપમાં લોકો કહેતા હતા કે ભારત આઝાદ થઇ શકશે નહીં પરંતુ ભારતીયોએ તેને ખોટું સાબિત કરી દીધું. જ્યારે ભારત સ્વતંત્ર થયું ત્યારે પશ્ચિમના લોકો કહેતા કે આટલો ગરીબ દેશ એક સાથે રહી શકશે નહીં, અહીં લોકશાહીનો પ્રયોગ સફળ થશે નહીં, પરંતુ ભારતે તેને ખોટું સાબિત કરી દીધું. પીએમ મોદીએ ડાયસ્પોરાને કહ્યું કે આજે ભારતની લોકશાહી સૌથી સફળ છે, સૌથી જીવંત છે. પીએમ મોદીએ કહ્યું કે આજે ભારતની લોકશાહી વિશ્વમાં એક ઉદાહરણ બની ગયું છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતે શાંતિનો સમય હોય કે સંઘર્ષનો ભારત નિશ્ચિતપણે મુકાબલો કર્યો છે. પીએમએ કહ્યું કે વીતેલા વર્ષોમાં પ્રવાસી ભારતીયોએ દરેક ક્ષેત્રે પોતાની ઓળખ મજબૂત કરી છે. વિવિધ દેશોના પ્રમુખો જણાવે છે કે કેવી રીતે ત્યાં વસતા પ્રવાસી ભારતીયોએ મુશ્કેલ સમયમાં કેટલું મહાન કામ કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દરેક જણ આજે ભારતની રસીની રાહ જોઈ રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે ભારતની તાકાતનો લાભ દરેકને મળે છે, વડાપ્રધાને કહ્યું કે દેશમાં બનાવવામાં આવેલી બે રસીથી ભારત માનવતાના હિતમાં કામ કરવા તૈયાર છે. પીએમએ કહ્યું કે કોવિડના સમયમાં કેટલીય નવી ટેક સ્ટાર્ટઅપ્સ ભારતમાંથી જ નીકળીને આવ્યા છે. ભારતે ફરી એક વખત પોતાના સામર્થ્યનો પરચિય કરાવી દીધો છે.

### સીપીઓ, રબરમાં સુધારા સામે મેન્થા તેલમાં નરમાઈનો માહોલ

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૫૩ અને ચાંદીમાં રૂ.૧,૮૫૭ તથા ક્રૂડ તેલમાં રૂ.૨૧૪ની તેજી

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧થી ૭ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૩ અને ચાંદી કિલોદીઠ રૂ.૧,૮૫૭ ઊછળ્યા હતા. બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક વૃદ્ધિ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદામાં ૨૦ કિલોદીઠ રૂ.૨૪ અને કોટનમાં ગાંસડીદીઠ રૂ.૪૬૦નો સાપ્તાહિક ધોરણે ઉછાળો રહ્યો હતો. સીપીઓ અને રબરમાં સુધારા સામે મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૬૭૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૬,૨૫૧ અને નીચામાં ૧૫,૬૭૦ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૫૮૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૮૫ પોઈન્ટ વધી ૧૫,૯૫૩ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૩૨૨ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૮૦૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૭૫૪ પોઈન્ટ વધીને ૧૪,૧૦૩ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૧૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૮૭૫ અને નીચામાં રૂ.૫૦,૧૨૮ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૫૩ના ઉછાળા સાથે રૂ.૫૦,૯૦૪ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૨૨૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૫૦ના ઉછાળા સાથે રૂ.૪૦,૮૧૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૨૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૭ વધી બંધમાં રૂ.૫,૦૭૭ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૮,૨૫૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૧,૫૫૦ અને નીચામાં રૂ.૬૭,૮૬૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૮૫૭ના ઉછાળા સાથે રૂ.૬૯,૯૬૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૧૮૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૮૨૬ના ઉછાળા સાથે રૂ.૬૯,૯૦૫ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૦૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૮૧૨ના ઉછાળા સાથે બંધમાં રૂ.૬૯,૮૯૮ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૫૩૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૭૫૫ અને નીચામાં રૂ.૩,૪૫૭ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૨૧૪ના ઉછાળા સાથે બંધમાં રૂ.૩,૭૩૮ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૨.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૯ વધી રૂ.૨૦૧.૧૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૯૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૪ વધી રૂ.૧,૨૧૪ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૦,૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૧,૩૪૦ અને નીચામાં રૂ.૨૦,૫૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૪૬૦ના ઉછાળા સાથે રૂ.૨૧,૦૯૦ના સ્તરે બંધ થયો હતો. મેન્થા તેલનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧,૦૦૦.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૦૮ અને નીચામાં રૂ.૯૮૫.૫૦ના સ્તરને સ્પર્શી સપ્તાહના અંતે રૂ.૨.૮૦ ઘટી રૂ.૯૯૩.૨૦ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જાન્યુઆરી વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૭૭ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૯.૬૦ વધી રૂ.૯૮૭.૪૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૩૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૫,૫૫૦ અને નીચામાં રૂ.૧૫,૨૦૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૧૪ની વૃદ્ધિ સાથે રૂ.૧૫,૪૭૮ના ભાવે બંધ થયો હતો.

## ડોનાલ્ડ ટ્રમ્પ પર ટ્વીટરની કાર્યવાહી, કાયમ માટે સસ્પેન્ડ કર્યું એકાઉન્ટ

વોશિંગ્ટન,તા.૯

અમેરિકી સંસદ કેપિટલ હિલ પરિસરમાં બે દિવસ પહેલા થયેલી હિંસા બાદ માઈક્રો બ્લૉગિંગ સાઈટ ટ્વીટરે મોટી કાર્યવાહી કરતાં ડોનાલ્ડ ટ્રમ્પનું પર્સનલ એકાઉન્ટ કાયમ માટે સસ્પેન્ડ કરી દીધુ છે.

અગાઉ ૧૨ કલાક અને પછી ૧૫ દિવસ બાદ હવે ટ્વીટરે કાયમ માટે ટ્રમ્પનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધુ છે. ટ્વીટરને આશંકા છે કે, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફરીથી એવું ટ્વીટ કરી શકે છે, જેના કારણે કેપિટલ હિલમાં પુનઃ હિંસાની સ્થિતિ સર્જાઈ શકે છે. ટ્વીટરની કાર્યવાહીના જવાબમાં ટીમ ટ્રમ્પે પણ ટ્વીટ કરીને જણાવ્યું છે કે, અમે ચૂપ નહીં બેસીએ અને આગળ જરૂરી કાર્યવાહી કરીશું.

અગાઉ ટ્રમ્પે પોતાના પર્સનલ એકાઉન્ટ સસ્પેન્ડ થયા બાદ પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ જીૅંજી પરથી એક ટ્વીટ કર્યું હતું. જો કે આ ટ્વીટને પણ ટ્વીટર દ્વારા થોડી જ મિનિટો બાદ હટાવી લેવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે, સત્તાવાર ટ્વીટર એકાઉન્ટથી કરવામાં આવેલી ટ્વીટમાં ટ્રમ્પે માઈક્રો બ્લૉગિંગ સાઈટની ટીકા કરી હતી.

એવું પણ મનાય છે કે, ટ્રમ્પના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સને પણ કાયમ માટે સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. ટ્રમ્પ હવે પોતાનું પર્સનલ ટ્વીટર એકાઉન્ટ ઓપન નહીં કરી શકે. કંપનીએ ટ્રમ્પના ટ્વીટ અને પ્રોફાઈલને પોતાના પ્લેટફોર્મ પરથી હટાવી દીધા છે. હવે તેમનું કોઈ પણ ટ્વીટ અહીં જોવા નહીં મળે. ટ્વીટર પર ડોનાલ્ડ ટ્રમ્પના ૮૮.૭ મિલિયન ફોલોવર્સ હતા.

### કોઈ પણ માર્ગ દર્શન વગર જાતે ઘરે બેઠા

# સંગીતની ગાયન અને વાદન કાલાને વધુ સરળ કરતા પાલનપુરના સંગીતજ્ઞ શ્રીમનીષ ભાઈ રાજ્યગુરુ




સંગીત શીખવું એ કોઈ બચ્ચાનો ખેલ થોડો છે . આ કલા શીખવા તો કોઈ નિષ્ણાત ગુરુ પાસે જવું પડે . પણ જો તમને એક એવા ગુરુ નો પરિચય કરાવું કે તમને ઘરે બેઠાજ તમારી મોબાઈલ કે કમ્પ્યુટર ની સ્કિન પર જ તમને સંગીત નું ઉત્તમ શિક્ષણ આપે તો કેવું ? આવા ઓન લાઈન ગુરુ છે મનીષભાઈ રાજ્યગુરુ

મનીષ ભાઈ ૪૦ વારસો થી સંગીત શેત્ર માં છે અને તેવો અલગ અલગ સ્કૂલો માં જય ને સંગીત ના તાલ સાથે બારકો ને માર્ગદર્શન આપતા રહેછે બારકો ને સંગીત માં રુચિ જોઈ ને મનીષ ભાઈ ને હેવો વિચાર આવ્યો કે બારકો જાતેજ સંગીત શીખી શકે તો કેવું રહે ? આ વિચારી ને મનીષ ભાઈ છેલ્લા ૮ વર્ષ થી સંગીત નું પ્રશિક્ષણ કેમ કરતા વધુ સરળ થઈ શકે અને દરેક લોકો જાતે જ સંગીત નું પ્રક્ષિક્ષણ કરી શકે તે માટે શંશોધન કરી રહ્યા છે .તેમને આના માટે પ્રયત્નો શરુ કર્યા ...પહેલા સોફ્ટવેર એન્જિનીયરીન્ગ નો અભ્યાશ કર્યો પછી બારકો ને સંગીત શીખવા શું તકલીફ પડે સે તે માટે કાર્ય પ્રકટીકલ વિદ્યર્થીયો સાથે કરવું પડે તોજ ખ્યાલ આવે કે વિદ્યાર્થીઓને સંગીત નું શિક્ષણ ગ્રહણ કરવામાં માં શું તકલીફ પડે છે તે માટે તેમને ૯ વર્ષ સંગીત શિક્ષક ની ફરજ બજાવેલી અને તે દરમ્યાન ઊંડાણ થી અભ્યાશ કરી ને એક સોફ્ટવેર તૈયાર કરાવડાવ્યું જેમાં સંગીત ની બન્ને કલા ગાવા અને વગાડવાની સરળ રીતે જાતે શીખી શકાય છે

આમાં આપ ની સ્કિન પર ગીત ના શબ્દો લખેલા આવે છે અને તેની નીચે કીબોર્ડ (કેસીઓ ) ની સ્વિચો હશે જેના ઉપર જેતે ગીત ના સ્વરો ભારતીય અને વેસ્ટર્ન માં આપેલ હશે સાથે તે સ્વરો ઉપર આંગરિયો ના નંબર આપેલ હશે ... આ ગીત જયારે વાગશે ત્યારે ગાયક જે ગાતો હશે અને ત્યારે કીબોર્ડ ની સ્વિચો પર તે સ્વર પર લાઈટ થતી રહશે જેને જોઈ ને વગાડતા પણ ઘરે બેસી ને શીખી શકાય આ ટાઈપ નો આ સંગીત શીખવાનો પ્રોજેક્ટ ભારત માં આ પહેલો સે જેમાં ગાતા અને વગાડતા બન્ને એક જ ફોર્મેટ માં હોય

મનીષ ભાઈ રાજ્યગુરુ ના આ પ્રોજેક્ટ ના દ્વારા બનાસકાંઠા ની અનુપમ સ્કૂલો માં બનાસકાંઠા શિક્ષણ તાલીમ કેન્દ્ર અને બારકો ના શિક્ષણ અને હેલ્થ માટે કાર્ય કરતી દુનિયા ની સંસ્થા × યુનિસેફ × ના શહયોગ થી છેલ્લા ૨ વર્ષથી અલગ અલગ પ્રાર્થના . બાલ ગીતો અને શોર્ય ગીતો નો પ્રોજેક્ટ × અનુપમ ગુંજન × ના નામથી શરુ કરવામાં આવેલ છે આ પ્રોજેક્ટ દ્વારા છેલ્લા ૨ વર્ષ માં અંદાજે ૩૦૦૦ બારકો સંગીત ના તાલ અને સ્વર સાથે ગીતો ગાતા તૈયાર થયેલ છે જે આ પ્રોજેક્ટ ની ઉપલબ્ધી ગણાય આ પ્રોજેક્ટ ને સ્કૂલો માં શરૂ કરવા માં તે સમય ના બનાસકાંઠા જિલ્લા તાલીમ અધિકારી શ્રી ગણેશ ભાઈ ચૌધરી સર અને તેમના સ્ટાફ ગણ નો પણ બહુજ પોઝિટિવ અપ્રોચ રહેલ જેના થકીજ આ પ્રોજેક્ટ સ્કૂલો માં જય શક્યો છે

આ પ્રોજેક્ટ વિષે મનીષ ભાઈ ના જણાવ્યા પ્રમાણે દરેક ગીત ના ૩ વિડિઓ હશે

પહેલા વિડિઓ ને લિસન એટલેકે સાંભરવું ... આ વિડિઓ માં સ્કિન પર ગીતો ના શબ્દ અને સ્વરો લખેલ હશે

તે સ્ટાર્ટ કરતા જે તે ગીત ગુંજવા લાગશે જેને સાંભરવાનું છે .. આ વિડિઓ ને ૩ થી ૪ વખત સાંભરસો એટલે ગીત નો ધાર અને તેમાં રિધમ નું જ્ઞાન આવશે ...અને નીચે કીબોર્ડ ની સ્વિચો પર જેતે ગીત ના સ્વરો પર લાઈટ થતી જોઈ ને કેસીઓ વગાડતા શીખવા વારો તેને ધ્યાન થી જોઈ ને વગાડતા પણ શીખી શકે આમ આ લિસન ટ્રેક દ્વારા ગીત સહમજાઈ જાય પછી બીજો ટ્રેક જાતે ગાતા શીખવાનો આવશે

આને ટ્રેક નું નામ સિંગિંગ પ્રેક્ટીસ ટ્રેક રાખવામાં આવેલ છે .... આમ આપે સાંભરેલું નું ગીત ની દરેક એક એક લાઈન અલગ અલગ આપણે ગાતા શીખડાવશે ... એક લાઈન વિડિઓ માં અમારા સિંગરે ગયેલ હશે તેને આપે સાંભરો પછી તેજ લાઈન નું કરોકે ટ્રેક વાગશે તેની સાથે તમારે તે લાઈન ગાવા ની રહેછે આ રીતે આખા ગીત ની એક એક લઈને આપન ને ગાતા શીખડાવશે... આ રીતે આખું ગીત તમે સરસ રીતે ગાતા શીખી લો ત્યાર પછી આ ગીત આપે ક્યાંય પરફોર્મ કરવું હોય ( ઘરે કોઈ પ્રશંગ ય કોઈ સ્કૂલ માં ય કોઈ સ્ટેગ પોગ્રામ માં ) ત્યારે એક ત્રીજો વિડિઓ ટ્રેક બનાવેલ સે જેને પરફોર્મન્સ ટ્રેક નામ આપેલ સે તેમાં આ આખા ગીત નો ટ્રેક વાગતો રહશે સાથે શબ્દ સ્કિન પર આવતા હોય તેની સાથે આપ ગઈ શકશો

આમ જાતે આ સંગીત પ્રોજેક્ટ જાતે સાંભરો પછી જાતે ગાતા શીખો એક એક લાઈન અને પછી જ્યાં તેને પરફોર્મ કરવું હોય ત્યાં કરી શકો આમ આ પ્રોજેક્ટ નો આ અલ્ટીમેટમ ગોલ છે મનીષ ભાઈ રાજ્યગુરુ ગુજરાત ની દરેક સ્કૂલો જેમાં સંગીત શિક્ષકો ના હોય ત્યાં પણ વિદ્યાર્થીઓ સંગીત નું જ્ઞાન મરી રહે તે માટે રાત દિવસ કાર્ય કરતા રહે છે

તેવો ફેસબુક દ્વારા છેલ્લા ૧૦ વષો થી લોકો ને ગમતું સંગીત જેતે સંસ્થાઓ ને બનાવી ને આપે છે



**બંસીધર સોસાયટી ચાંદલોડીયા માં સમૂહ સત્યનારાયણ કથા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત કોરોના મુક્ત બને તેવી અભયર્થના કરવામાં આવી હતી. ચેરમેન શ્રી હિતેશ બારોટ તથા સોસાયટીના સભ્યઓએ ભાગ લીધો હતો**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની આજે ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે..જે ન્યૂઝ પોર્ટલ વેબસાઈટ ઉપર પણ જોઈ શકાશે..

www.janfariyadnews.com

---

**NOG SS No :- 0063**
વિષય : વિતેલા વર્ષની યાદો
વિભાગ : ગદ્ય
શીર્ષક : સ્વાનુભવ

સુંદર, સોનેરી સવાર ઉગતા જ...
ગઈકાલનાં ખાટા-મીઠા અનુભવો, લાગણીઓ અને થોડી નવી સમજણ સાથે એક રૂપાળા કાગળમાં મઢી વિદાય આપી...
નવા ઉત્સાહ, ઉમંગ, યોજનાઓ સાથે અમે પણ ઓગણીસમાંથી વીસમાં પ્રવેશ્યા..કહે છે કે, "લખલૂટ જળરાશિ ધરાવતો હોવા છતાં સાગર ક્યારેય માઝા ન મૂકે." મોજાં ઉછાળો મારી ફરી અંદર જ સમાય. આવી જ સાગરસમ જિંદગીની શુભેચ્છાઓ સાથે.. પડતા, આખડતાં હસતાં રમતાં ઝરણાંઓ, ખળખળ નદીમાં સમર્પિત થઈ આગળ વધવા તલપાપડ હતા..
અને..
આજ સુધી જે ભયાવહ દિવસની આંખ આડા કાન કર્યા હતા, એ તો દરવાજે આવી ઊભો.
અચાનક, એ ખળખળ વહેતી નદી ખાબોચિયું બની ગઈ.
બંધિયાર એ પાણી વિષમય ન બને એની જદ્દોજહેદ શરુ થઈ.
ખરી પરીક્ષા કોને કહેવાય એ સમજણ થઈ.
પરંતુ, અંતે મનુષ્ય સ્વભાવ...કઠિન પરિસ્થિતિમાં કેડી શોધવી..
મનને મઠાર્યું, અનુભવોને એરણે ચડાવ્યા, સાચી સમજ કેળવી, ડરને ફગાવ્યો...
અંદર એક સ્પષ્ટ માન્યતા કે ઘરમાં પુરુષ જો છત્ર છે તો સ્ત્રી એનો ટેકો.. ઘરરુપી શરીરને મજબૂત અને ટટ્ટાર રાખતી મજ્જાશૃંખલા.
શરુઆતમાં જીવન હિંચકા જેવું બની ગયું હતું. ક્યારેક મજબુતીથી આગળ જઈએ તો વળી અણગમો, એક ધારી જીવનશૈલી, ક્યારેય ન કરેલ ઘરકામ જેવા ક્ષુલ્લક પ્રશ્નો અને માઠા સમાચારો પાછળ ધક્કો મારે. આ બધા સાથે આપણે આમાંથી હેમખેમ રહીશું? એક અદ્રશ્ય, છૂપો ડર તો ખરોજ. અમારે બહાર જવાનું ફરજીયાત નહોતું. પરંતુ, હસબન્ડ માટે આ બંધન શક્ય નહોતા. સતત ભયના ઓથાર હેઠળ, કેમકે એતો દરરોજ અનેક લોકોના સંપર્કમાં આવે. આ સમયે બે વસ્તુ જીવાદોરી સમાન બની. પ્રથમ ૮૫ વર્ષ કરતા વધુ ઉંમર હોવાછતાં સાસુ-સસરાનો હકારાત્મક અભિગમ જેણે અજબ આત્મવિશ્વાસ સંચર્યો અને દ્વિતીય ગીતા જ્ઞાન.
હા,વળી ભણતર અને વ્યવસાય અર્થે લાંબા સમયથી દૂર રહેતા પુત્ર સાથે રહેવાનો ને નવી દિશા કંડારવાનો મોકો મળ્યો. જે જીવનની શુભ ઘટના બની રહી.
વર્ષો બાદ ફરી લેખનને ગતિ આપવાનો અવસર મળ્યો. આપ સર્વે અજાણ્યા પોતાના બન્યા. મિત્રવર્તુળ એકાએક વિશાળ બન્યાંનો રાજીપો મળ્યો. હંમેશ શિષ્ય બની શીખવાની હોંશને દિશા મળી. સાથે સાથે અનેક મિત્રોના શુભાશુભ અનુભવો અને તેની સામેની લડતથી શીખ મળી.
ટૂકમાં, નોખા અનોખા આ કપરાં કાળે જીવનને ઝંઝોડ્યું, ખેરવ્યું પણ પ્રભુકૃપાએ તૂટ્યું નહીં.
નવું વર્ષ દરેકના જીવનમાં નવી અભિલાષાઓ પલ્લવીત કરી, ખુશીઓ ભરે એજ દ્વારકાધીશને પ્રાર્થના.

રીટા ભાયાણી

---

**NOG SS No :- 0052**
ન્યુઝ ઓફ ગાંધીનગર .સાહિત્ય સરિતા ગ્રુપ
વિષય : સમય સંજોગ
વિભાગ : ગદ્ય
શીર્ષક : "મરહમ"

ઓહ..માડી મને ખૂબ પીડા થાય છે,આ પીડા અસહ્ય છે સહન કરવી મારાથી ,તું કાંઈક કર રાહત મળે તેવું.
"હા દીકરા જરા ધીરજ ધર ,બધું સારું થાશે.બસ ઈશ્વર પર ભરોસો રાખ.તે પીડા આપે છે તો સામે છેડે મરહમ પણ તે આપે જ આપે છે."
સાયકલ પરથી પડી જતાં મુકેશના ઘૂંટણિયા છોલાઈ ગયાં.થોડી વારમાં તો તેની મા મલમ લેતી આવી,વાગેલા પર હળવાં હાથે મલમ લગાડવા લાગી.થોડાં સમય પછી મુકેશ રાહત અનુભવી રહ્યો હતો.
આ વાર્તા ક્રિષ અને વેદ , રામદાસ ભાઈ મારફતે સાંભળી રહ્યા હતા.ત્યાં તો નાનકડો વેદ બોલી ઉઠ્યો..."હે દાદા આ કોરોના પણ જુઓને કેટલી પીડા આપે છે,હે ને ?"
સમજણો ક્રિષ ત્યાં તો બોલ્યો "અલ્યા તને ખબર નથી પડતી" "આવું થોડું હોય ...હે ને દાદા"
વેદ : "તું ચૂપ રે..."
રામદાસ ભાઈ : "ક્રિષ બોલવા તો દે વેદને તેનાં મનમાં શું ચાલે છે ?"
"બોલ બેટા વેદ"
"દાદા કોરોના આટલી પીડા આપે છે ,તો ઈશ્વર અંકલ મરહમ પણ આપશે જ ને ?"
"હે ને દાદા ?"
રામદાસ ભાઈ : "હા ,કેમ નહી ,ભગવાન પીડા આપે છે તો મરહમ પણ આપે જ છે ,તારી વાત બિલકુલ સાચી છે."
વાતવાતમાં ન સમજણા વેદે બહુ મોટી વાત કરી નાખી હતી,તે તેની છોકર બુદ્ધિમાં બહુ મોટો પાઠ સમજાવી ગયો હતો.
અને બીજાં જ દિવસે કોલમલિસ્ટમાં રોજ લખતાં રામદાસ ભાઈએ આ ટચૂકડી વાર્તા ટપકાવી....જેનું શીર્ષક હતું "મરહમ"

સંજય તરબદા "સાંજ" વડોદરા

---

**NOG SS No :- 0007**
વિભાગ : ગદ્ય
શીર્ષક : વીતેલી વર્ષોની યાદ
નામ : આરતી મરચંટ

મિત્રો, ૨૦૨૦ ગયું અને ૨૦૨૧ આવી ગયું. ૨૦૨૦ના વર્ષે લગભગ રોજ કરોડોના મુખેથી માત્ર નિઃસાસા, અવળવાણી, ગુસ્સો, ક્રોધ, રોષ અને અપમાન જ સહન કર્યું છે.
સમજીએ કે એ કદાચ એની નિયતી હતી. ૨૦૨૦ શરૂ થયું ત્યારે તો એના ખુબ વધામણાં થયાં. પરંતુ નવા વર્ષમાં આવ્યાનો તે આનંદ માત્ર ક્ષણભરજ રહ્યો. પછી તો કોરોનાએ જે કહેર વરસાવ્યો, એણે જે ઘમસાણ મચાવ્યું; એની નિશાનીઓ આજે ૨૦૨૧ માં પણ દૃશ્યમાન છે. એની અસરો, એની છાપ આજે સામાન્ય માનવી ભૂલી નથી શકતો ઈચ્છા હોવા છતાંય. આપણે બધાંએ ૨૦૨૦ ના છેલ્લાં દિવસને વિદાય પણ નાલેશી ભરીજ આપી.એ સાચું કે મેળવ્યાં કરતાં ગુમાવ્યાનો રંજ વધારે હોય છે પરંતુ સાથે જે મળ્યું એને પણ અવગણી તો ના જ શકાય. ૨૦૨૦ના વર્ષે આપણને જે પ્રેમ, સહકાર, હૂંફ, વ્યક્તિઓનું મહત્વ,અરસ પરસ ની લાગણીઓ રાખવાનું શીખવાડ્યું તે કેમ ભૂલાય! આજની પેઢી જે આંગળીનાં ટેરવે જીવતી હતી એને મોબાઇલના રિંગટોનનાં અવાજો, ફેસબુક અને મેઇલ બોક્સના નોટિફિકેશનથી અળગા કરીને સ્વજનોના હૃદયનાં રીંગટોનને ઓળખવા મજબૂર કર્યો.મેઈલબોક્સ કે ફેસબુક ના નોટીફીકેશનના બદલે પોતાની નજીક રહેનારા સ્વજનના ચહેરાના હાવભાવના નોટીફીકેશન વાંચતા શીખવ્યું એ કેમ ભૂલાય! આપણી આજની પેઢીના જુવાનિયાઓ જે માત્ર કોક,પેપ્સી ને વિદેશી પીણાંઓજ પીતી હતી એને આપણાં દેશી કાઢાથી લઈને દાદીમાંનું વૈદું,આપણા વસાણાં કોઠે પાડવાં ફરજ પાડી એને કેમ ભૂલાય.જે બાળકોની સવાર બહારના જંક ફૂડથીજ શરૂ થતી અને જંક ફૂડ પરજ રાત પડતી એ બાળકોએ ઘરનાં ભાખરી, થેપલાંનો સ્વાદ ચાખ્યો,એ કેમ ભૂલાય.સમાજની એક પેઢી જે સિનિયર સીટીઝનના ચોકઠાંમાં આવે છે એમની મને કમને, કોરોના ન થઈ જાય એ બીકે સારી સંભાળ લેવામાં આવી.ઘણાં એવા દંપતિઓ જે દંપતિ તો હતાં પરંતુ દાંપત્યજીવન થી વંચિત હતાં તેઓએ લોકડાઉનમાં ખરા અર્થમાં દાંપત્યજીવન માણ્યું.પતિ જે પેઈંગગેસ્ટ જેવું જીવન જીવતો હતો તે ખરાં અર્થમાં ઘરના રહેવાસી તરીકે જીવ્યો.પત્ની નામના પાત્રની અત્યાર સુધી જે ઉપેક્ષા થતી હતી તે આ ક્વૉરૅન્ટાઇન માં ઘરના સભ્યોની નજરોમાં મુખ્ય પાત્રમાં પરિવર્તિત થઈ ગઈ. કારણ ઘરની બહાર રહેતી દરેક વ્યક્તિને ક્વૉરૅન્ટાઇન લાગુ પડ્યું. પરંતુ ઘરમાં રહેતી એ ગૃહિણીને તો ડબલ ડ્યૂટી થઈ ગઈ. અને ત્યારે ઘરના દરેક સભ્યોએ એ ગૃહિણીને કડક સલામ ઠોકી. નાના બાળકોની તો વાત જ શું કરવી! આજે ઘણાં વર્ષે બાળકે રાહતનો શ્વાસ લીધો. નહી તો સવારથી ઊઠીને શાળાએ જવાની સાથે વિવિધ જાતના ક્લાસીસ કરવાનાં ચક્કરમાં એ તો બિચારો ભૂલી જ ગયો હતો કે એ તો હજી બાળક છે. લોકડાઉને બાળકને બાળક ની પરિભાષા પાછી આપી. એને એનું બાળપણ પાછું આપ્યું.આ તો થઈ ઘરની અંદરની વાત. મિત્રો ક્વૉરૅન્ટાઇન ના નિયમો ને તોડી લોકો વારંવાર બહાર એકબીજાને મળતાં; તે શું પ્રતીત કરાવે છે જાણો છો? એ પ્રતીત કરાવે છે કે માણસ પ્રેમનો ભૂખ્યો છે,માણસ માણસનો ભૂખ્યો છે. અને એ જ ભાવનાથી પ્રેરાઈને સમાજના જરૂરિયાત વર્ગને ક્વૉરૅન્ટાઇન માં લાખો કરોડોના અનાજની, જીવન જરૂરિયાતની વસ્તુઓની સહાયતા ઘરે ઘરે પહોંચી ગઇ.ટ્વીટર પર અને સોશિયલ મીડિયા પર લોકો લખતાં કે 'માણસ માણસથી ડરતો થઈ ગયો.' તો એ માણસ માણસથી નહોતો ડરતો, એના કોરોનાથી ડરતો.કે મને કોરોના થયો છે,રખેને મારાં હળવાં ભળવાથી કોઈ બીજાને થઈ ગયો તો..પ? એટલે એણે માનવીથી દૂરી બનાવીને માણસાઈની નઝદીકી સાબિત કરી. મિત્રો આ વીતેલ ૨૦૨૦ નું વર્ષ ઘણાંયના સ્વજનો લઈને ગયું એ ખરેખર દુઃખદ છે. પરંતુ જેનો જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે. એ જ નિયતી છે. કોરોના નિમિત્ત બન્યો. કોરોનાએ ૨૦૨૦ ને પોતાનો મ્હોરો બનાવ્યો એમાં ૨૦૨૦ નો શું વાંક. પરંતુ સમાજ નો નિયમ છે કે 'છીંડે ચડ્યો તે ચોર.' ના હિસાબે આપણે સૌ ૨૦૨૦ નેજ ગુનેગાર ઠેરવી દીધો. તો મારું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે વીતેલ વર્ષ માટેનો નકારાત્મક અભિગમ છોડી હકારાત્મક અભિગમ અપનાવશું તો આગળની ૨૦૨૧ ની સફર સુખમય અને શાંતિથી કરી શકીશું.શ્ર?

લેખિકા : આરતી મરચંટ
મુંબઈઃ કાંદિવલી.

---

**NOG SS No :- 0055**
વિભાગ : ગદ્ય
વિતેલા વર્ષની યાદ...

ખોબલે ને ખોબલે મારા વાંક કાઢનાર હે..પૃથ્વી શ્રેષ્ઠ...હે નરકેસરી, હે..પુરુષોત્તમ...
આપ બધાને હું જણાવવા માંગુ છું કે,"હું જ છું આપનું વીતેલું વર્ષ૨૦૨૦.. આપ સૌની અવહેલનાં જેટલી મને મળી છે એટલી તો કદાચ કોઈને પણ નહિ મળી હોય પણ જરા વિચારો તો ખરા...આમાં મારો શું વાંક? હું છું તો માત્ર એક સમયનો એક પડાવ,આ વર્ષ દરમિયાન જે જે ઘટનાઓ ઘટી શું તેની પાછળ માત્ર અને માત્ર ૨૦૨૦ નો જ હાથ?"
આપ સૌ શું સાવ નિર્દોષ? અરે..તમારા અંતરમાં તો જરા જુઓ..માનવજાતે શું શું બરબાદ નથી કર્યું..હવા, પાણી, પ્રકૃતિ...આ બધા જ પર ક્રૂર જુલમ અને સામે જ્યારે પ્રકૃતિ પ્રતિકાર કરે તો ૨૦૨૦ ખરાબ....
આપ સૌ વિચારશો ચોક્કસ.. ચાલો રજા આપો, ચેતવણી નહી વિનંતી છે?? હજુ નહી સુધરો તો ૨૦૨૧ મારા થી ય ખરાબ છે...
શુભમ ભવતુ...

શ્રદ્ધા ભટ્ટ,વાપી....

---

**NOG SS No - 0011**
શબ્દ- વીતેલાં વર્ષની યાદો
પ્રકાર- લેખ
શીર્ષક:-વીતેલાં વર્ષ ૨૦૨૦ પર એક નજર

કહેવાય છે જૂની યાદોને સંગ્રહી રાખો.જેથી કંઈક ભવિષ્યમાં શું કરવું ? જૂની યાદો આપણને શિક્ષક બનીને શીખવાડે છે. જે ઠોકરો વાગ્યા પછી જીવનમાં એ સારો રસ્તો બતાવે છે.

૨૦૨૦ નાં આંકડા જોવામાંબહુ સારું લાગે છે. પણ જીવનનાં દસકા કે સૈકામાં આ વર્ષને ભૂલી શકાય એમ નથી.

જાન્યુઆરી ૨૦૨૦ માં ચીનનાં વુહાન શહેરમાંથી જે ઘાતક કોરોના વાઈરસની શરૂઆત થઇ હતી. તેણે આખાં વિશ્વને ભરડામાં લીધો . ઘણાં ઘરોમાં કોરોનાને કારણે વડીલો જીવતાં રહ્યાં ને યુવાનો જિંદગીની રાહને બદલે મોતની રાહે ચાલી ગયા. આખાં ભારતમાં કોરોનાનું નામ સાંભળતા જ લોકો એ દર્દીથી દૂર ભાગતાં.

કોરોનાનાં દર્દીનાં ઘરથી ઘણા સગા સંબંધીઓએ તથા આડોશી-પાડોશીએ વ્યવહાર કાપી નાખ્યો. ઘણાં દર્દીઓ આને કારણે મોતને ભેટ્યા આપઘાત કરી લીધો. કોરોનાનો દર્દી મરણ પામે તો તેની ડેડબોડી જોઈને જ લોકો પોતાની ગાડીઓ દૂર કરતાં ને એનાથી દૂર ભાગતાં. પણ ધીમે ધીમે એવા સેવાભાવી લોકો પણ જોવા મળ્યા. તે લોકો કોઈપણ સંબંધ કે નાતજાતના ભેદભાવ વગર તેઓને કોરોના વોરિયર્સ તરીકેની સેવા આપતાં.

સૌથી સારી કામગીરી આરોગ્ય વિભાગે કરી જેમાં ડોક્ટરોએ આવા કપરા સમયમાં ૨૪ કલાક કોરોના ડ્યૂટી કરીને જ્યાં સુધી દવાખાનાંના અધિકારી ના કહે ત્યાં સુધી તેઓ ઘેર ગયા નથી.

ઘણા ધર્મ અને પાપ સંપ્રદાયનાં લોકો કોરોનાને કારણે દેવલોક પામ્યા. આધ્યાત્મિક લોકોએ કોરોનાવાયરસ ને ભગાડવા માટે કોઈએ સુંદરકાંડ, કોઈએ હવન,જપ માળા કર્યા. કોરોનાની રસી આવશે આવશે એ આ વિશ્વાસે ઘણાં દર્દીઓ પોતાના જિંદગીની સામે લડતાં રહ્યાં.


પોલીસવાળાઓએ પણ આમાં ખૂબ જ સારી કામગીરી કરી. કોરોનાના લીધે ઘણા પોલીસવાળાઓએ ત્રણ માસ સુધી છ માસની પુત્રીનું મોં ના જોઈ શકી એવી માતાઓ જોવા મળી. ઘરમાં કોરોના થયો હોય કે પોતાને કોરોના છતાં પણ પોતે એની સારવાર લઇ સાજા થઇ ફરીથી કોરોના ડ્યૂટીમાં તેઓએ ફરજ બજાવી એવાં પોલીસવાળાને ડોક્ટરને શત શત વંદન છે. કોરોનાનો શબ્દ સાંભળતા અને કોરોનાવાયરસ શબ્દ સાંભળતા મોટા પહેલવાન જેવા કે ધનકૂબેરો પણ જિંદગી નથી બચાવી શક્યા એ પણ જોવાં જેવું હતું.

મનોજકુમાર પંચાલ, 'મન'




# રામના નામની સાથે રામનું કામ પણ થાય પરસ્પર પ્રીતિ અને વિચારોનો સેતુ જ રામનું કામ છેઃ પૂજ્ય મોરારી બાપુ

તીર્થસ્થળ સેતુબંધ, ધનુષકોડી – રામેશ્વરમમાં છેલ્લાં સાત દિવસથી પૂજ્ય મોરારી બાપુની રામકથા ચાલી રહી છે. સંધ્યાની સહજ સભામાં બાપુએ સ્થાનિક લોકોના ખબર અંતર પૂછ્યાં હતાં. અહીંના મોટાભાગના લોકો સ્થાનિક ભાષા સિવાય બીજી કોઇ ભાષા જાણતા નથી, તેથી એક દુભાષિયાની મદદથી બાપુએ સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી હતી. પૂજ્ય બાપુએ પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાને સમાજ અને વહીવટીતંત્ર વચ્ચેના સેતુ ગણાવ્યાં હતાં.



દેશ અને દુનિયામાં નિરંતર ચાલતી રામકથાને બાપુએ સત્ય, પ્રેમ અને કરૂણાની કથા ગણાવી હતી અને કહ્યું હતું કે રામ નામની સાથે રામનું કામ પણ વ્યાસપીઠ કરતી આવી છે. રામની વનયાત્રાના સંદર્ભમાં બાપુએ કહ્યું કે અયોધ્યાથી લઈને રામેશ્વરમ સુધીની યાત્રાનો રામનો હેતુ પ્રાંત-પ્રાંત, ભાષા-ભાષા, વર્ણ-વર્ણ, જાતિ-જાતિ અને રાષ્ટ્ર-રાષ્ટ્ર એમ તમામ વચ્ચે સેતુનું નિર્માણ થાય અને તમામ સદભાવના સાથે જોડાઇ જાય. આથી મીડિયાના પ્રતિનિધિઓનું કામ પણ દરેકને જોડવાનું છે. સેતુબંધનું આ કામ રામનું જ કામ છે.

બાપુએ ઉમેર્યું હતું કે, કોઇપણ સત્કાર્ય, માનસી, વિત્તજા અને તનુજા સેવા વિના સંભવ નથી. કથાના નિમિત્ત માત્ર યજમાન મદનભૈયાની સદભાવના અંગે પ્રસન્નતા વ્યક્ત કરતાં બાપુએ ઉમેર્યું કે સામાન્ય રીતે જયાં કથા થાય ત્યાં ભોજન-પ્રસાદની વ્યવસ્થા અનિવાર્યરૂપે થતી હોય છે, પરંતુ કોવિડ-૧૯ની સ્થિતિમાં યજમાનશ્રીનો મનોરથ છે કે પ્રત્યેક ઘરમાં અન્નના સ્વરૂપે બ્રહ્મને સંપૂર્ણ સન્માન સાથે પહોંચાડવામાં આવે. ઉપનિષયમાં કહ્યું છે કે અન્ન જ બ્રહ્મ છે. આ શિવ સંકલ્પના પરિણામ સ્વરૂપે ૧૫૦૦૦ ઘરોમાં ખાદ્યાન્ન સામગ્રી પ્રસાદરૂપે વિનમ્રતા અને આદરની સાથે કથાના સમાપન પહેલાં પહોંચાડવામાં આવશે. આ ઉપરાંત પોંગલના પવિત્ર તહેવારના ઉપલક્ષ્યમાં ૧૦૦૮ પોંગલ સેટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં જરૂરિયાતમંદો માટે ૧૦૮ સિલાઇ મશીન પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

બાપુને પ્રશ્ન કરાયો કે શું અહીં રામ મંદિર બનશે. તેનો જવાબ આપતાં બાપુએ કહ્યું કે રામ મંદિર બને તો સ્વાગત છે, પરંતુ અહીં રામેશ્વર ભગવાન પર્યાપ્ત છે. બાપુએ વધુમાં જણાવ્યું કે મારી દ્રષ્ટિમાં અહીં રામ મંદિરની જગ્યાએ રામ સેતુ બની જાય તો તેને જ રામમંદિર માનવામાં આવશે. જો રામ સેતુ બની જાય તો મારી ઈચ્છા છે કે આ પવિત્ર જગ્યા ઉપર આવીને રામકથા કરીશું તેમજ પરસ્પર પ્રેમ અને વિચારોનો સેતુ બનાવીશું.

આખરે બાપુએ કથાના આયોજનમાં સહયોગ અને સ્વાગત માટે સ્થાનિક લોકો અને વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કરતાં તમામને પોંગલની શુભકામના પાઠવી હતી.

# કેવડિયા કોલોનીમાં બની રહયુ છે દેશનું પ્રથમઈકો ફ્રેન્ડલી ગ્રીન રેલવે સ્ટેશનમાં સુવિધા કેવી છે?



રાજપીપળા,તા૯

કેવડિયાકોલોની ખાતે દેશનું પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશન બની રહ્યુ છે, ત્યારે આ રેલવે સ્ટેશન ખૂબ જ આધુનિક છે. વડાપ્રધાન વર્ચ્યુઅલ રીતે કેવડિયા મીન બિલ્ડગી રેલવે સ્ટેશનનુ લોકાપર્ણ ૧૨ જાન્યુઆરીએ વડાપ્રધાનમોદી કરે એવી શક્યતા છે. જેના કારણે હાલમા યુધ્ધના ધોરણે ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનનું કામ યુધ્ધના ધોરણે કરવામાં આવ્યુ છે. અત્યારે ૨૪ કલાક રેલવે વિભાગના અધિકારીઓ અને ઈજારદાર એજન્સી છે. તેના દ્વારા કામ કરવામાં આવી રહયુ છે. દેશનો પહેલો ગ્રીન રેલવે સ્ટેશન, ૩ માળની ઈમારત ૨૦૦ કિલોવોટ સોલાર પેનલથી વીજ ઉત્પાદન, વરસાદી પાણી સહિતની ઘણી જળ વ્યવસ્થાપન સુવિધા , રેમ્પ લિફ્ટ એક્સલેટરની સુવિધાઓ. જનરલ એસી વીવીઆઈપી વેઈટિંગ રૂમ રેલવે સ્ટેશન પર સરદાર પટેલની નાની પ્રતિમા હશે. સરદાર પટેલનું નાનું મ્યુઝિયમ ઉભુ કરાશે. ૨૦ કરોડનો ખર્ચ ૯ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનો સમય હતો. ઈલેક્ટ્રિકટ્રેન પાટા પર ૧૦૦ની ગતિએ કેવડિયા રેલવે સ્ટેશનને મુખ્ય વારાણસી અને દેશની આર્થીક રાજધાની મુંબઇ સાથે જોડવામાં આવ્યુ છે.વારણસીથી કેવડિયા અને મુંબઈથી કેવડિયા એમ ૨ વિશેષ ટ્રેનો પણ હશે. મુંબઈને દેશુનો આર્થીક રાજધાની તરીકે ઓળખાય છે. જેથી નર્મદા જિલ્લાના આદીવાસીઓ અને સ્થાનીક લોકો ધંધા રોજગારી માટે સીધા મુંબઇ પટ્ટા જઇ શકશે. કેવડિયામાં રેલવે પ્રોજેક્ટ દ્વારા પ્રવાસન ઉધ્યોગને પણ ફાયદો થશે.

સંપૂર્ણ સ્ટેશન ભવનનું નિર્માણ એક ત્રિસ્તરીય સંરચના છે, જેમાં પ્રથમ અને બીજા રતરે ખાસ કરીને તમામ સ્ટેશનને સંબંધિત સુવિધાઓ જેમકે સ્ટેશન માસ્ટરનો રૂમ, સામાન્ય વેઈટિંગ રૂમ, વીઆઈપી રૂમ અને વિદેશી પ્રવાસીઓ માટે એકએક્ઝિક્યુટિવ લોન્જ પણ સામેલ છે. ત્રીજા સ્તરે એક આર્ટ ગેલેરી હશે, જે સ્થાનિક અને આદિવાસી કલા અને શિલ્પ કલાઓને પ્રોત્સાહિત કરશે.

સ્ટેશન નિર્માણની શરૂઆતથી જ આ ગ્રીન બિલ્ડીગ વેરિફિકેશન સાથેનું આ ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન હશે અને સ્ટેશનમાં ઈમારતની ડિઝાઈનમાં એકીકૃત સર્વોત્તમ ટેકનોલોજીસ, પર્યાવરણ ચેતના અને મનભાવન ઘટકોનો સમાવેશ થશે. આ ઈમારત પર્યાવરણને ધ્યાનમાં રાખતા ડિઝાઇન કરાઇ છે. ઈમારતના સમગ્ર કાર્બન ઉત્સર્જનને ઓછું કરવા માટે ફલાયએશ જેવી રિસાયકલ કરી શકાતી સામગ્રી, એસી રૂમ માટે ઈમ્યુલેટ કરનાર કાચ અને સ્થાનિક સામગ્રીઓનો ઉપયોગ ભવનના નિર્માણમાં કરવામાં આવશે.

સ્ટેશનની છત પર ૨૦૦ કિલો વોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતાવાળી સૌર પેનલ લગાવવામાં આવશે. સ્ટેશનમાં રેનવોટર હાર્વેસ્ટિંગ, સેવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઈકો-વોટરલેસ ટોઈલેટસ અને ઉપચારીત જળનો ઉપયોગ કરીને ડ્રિપ સિંચાઇ ટેકનોલોજી સહિત અનેક જળ સંચાલન સુવિધાઓ સામેલ હશે વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત કચરાના વર્ગીકરણ માટે અલગ અલગ ડબ્બાની જોગવાઇના માધ્યમને પ્રોત્સાહન આપવામાં આવશે અને ગ્રીન સ્ટનો ઉપયોગ બાગકામમાં ખાતરના ઉત્પાદન માટે કરાશે. સ્ટેશનમાં દિવ્યાંગ લોકો માટે ખાસ વ્યવસ્થા હશે. જેમકે વ્હીલચેર માટે રેમ્પ વિવિધ માળ સુધી અવરજવર માટે લિફ્ટ અને એસ્કેલેટર, રેલવે સ્ટેશનની બંને બાજુએ દિવ્યાંગોને અનુકુળ શૌચાલય વગેરે. સ્ટેશનમાં વરિષ્ઠ અધિકારીઓ તેમજ નેતાઓને આવકારવા માટે સામાન્ય વેઈટિંગ રૂમ, એસી વેઈટિંગ રૂમ અને વીવીઆઇપી એક્ઝિક્યુટિવ અધિકારીઓની લોન્જ સહિત અનેક વેઈટિગ એરિયા હશે.

તસવીર-જ્યોતિ જગતાપ રાજપીપળા

### કુદરત રૂઠી

# અરવલ્લી જીલ્લામાં સતત કમોસમી વરસાદથી શિયાળુ ખેતીને વ્યાપક નુકશાન, સૂકો ઘાસચારો પણ પલળી જતા તાત બેહાલ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સતત કમોસમી વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે શિયાળામાં પણ સતત માવઠાના કારણે ધરતીપુત્રોની હાલત કફોડી બની છે. મોં સુધી આવેલો કોળિયો ઝૂંટવાઈ જાય તેવ પરીસ્થિતિ સર્જાઈ છે. શિયાળું પાક જેવા કે જીરું, ઘઉં, કપાસ, દીવેલાને નુકસાન થઈ રહ્યું છે. અગાઉ ચોમાસા વખતે ખેડૂતોને નુકસાન વેઠવું પડયું હતું.



આ સંજોગોમાં હવામાન ખાતાએ વધુ એક વખત ૮થી ૧૦ જાન્યુ. સુધી રાજયના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી કરી છે. રાજયમાં કમોસમી વરસાદ કારણે ખેડૂતોની ચિંતામાં ફરી વધારો થયો છે

અરવલ્લી જીલ્લામાં સતત એક સપ્તાહમાં ત્રણ વાર માવઠું થતા ખેડૂતો હતાશ બની ગયા છે જીલ્લામાં ત્રણ લાખથી વધુ હેક્ટરમાં ઘઉં, બટાકા,ચણા,વરિયાળી સહીત શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે ગુરુવારે રાત્રે અને વહેલી પરોઢે વરસાદ ખાબકતા શિયાળુ ખેતીને વ્યાપક નુકશાન થવાની દહેશત પેદા થઈ છે પશુપાલકનો વ્યવસાય કરનાર અને ખેડૂતોએ સંગ્રહ કરેલ સૂકો ઘાસચારો પણ પલળી જતા દયનીય સ્થિતી પ્રવર્તી રહી છે ચણા,વરિયાળી અને બટાકાના ઉત્પાદનને વ્યાપક પ્રમાણમાં કમોસમી વરસાદથી નુકશાન પહોંચશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે

હવામાન વિભાગની કમોસમી વરસાદની આગાહી અન્વયે અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ કાળજી માટે ખેતીવાડી વિભાગના સૂચનો

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી તારીખ ૮ થી ૧૦ જાન્યુઆરી દરમ્યાન ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડવાની શક્યતાઓ રહેલી છે. અરવલ્લી જિલ્લામાં પણ વાદળછાયુ વાતાવરણ તથા વરસાદ પડે તેવી શક્યતા છે. જે ધ્યાને લઇ ખેડૂતોએ કાળજી રાખવી જરૂરી છે હાલમાં બીટી કપાસ અને દિવેલામાં પાક તૈયાર થયેલ હોય તૈયાર કપાસ/ દિવેલા ની માળ ની વીણી તાત્કાલીક ધોરણે કરી લેવી અને સલામત જગ્યાએ રાખવી. ખેડૂતોએ પોતાનો ઉત્પાદિત થયેલ ખેત પેદાશ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવો. અથવા તાડપત્રીથી ઢાંકીને રાખવો અને તાડપત્રી હાથવગે રાખવી વેચાણ અર્થે એપીએમસી અથવા વેચાણ અર્થે લઇ જવાતી ખેત જણસીઓ ઢાંકીને લઇ જવી અને હવામાન ખાતાની આગાહી હોય તેવા સમયે વેચાણ શક્ય હોય તો ટાળવું. એપીએમસીમાં રહેલ ખેત જણસીઓ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવા વેપારી મિત્રોને વિનંતી છે. પશુઓ માટેના ઢાળીયા કે કાચા શેડ વ્યવસ્થિત રાખવા અને પવનમાં ઊડે નહીં તે જોવું. શક્ય હોય તો બાગાયતી પાકો માં પણ કાળજી લેવી જેમ કે શાકભાજી વગેરે તૈયાર હોય તો તુરંત ઉતારી લેવું. ખેતી ઈનપુટ એટલે કે બિયારણ ખાતર વગેરેનો જથ્થો પણ સલામત સ્થળે સુરક્ષિત ગોડાઉનમાં પલડે નહીં તે મુજબ રાખવો. ખેતરમાં કે ઘરની આજુબાજુ મોટા ઝાડ હોય તો તેની છટણી અવશ્ય કરવી જેથી જોખમ ટાળી શકાય. ઉભા પાકમાં હાલ તુરંત નાઈટ્રોજનયુક્ત ખાતર એટલે કે યુરિયા આપવાનું શક્ય હોય તો ટાળવું. વરસાદ કે પવનની આગાહીને ધ્યાને લઇ મોબાઈલ ફોન ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવું અને સુરક્ષા માટે કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવી.

# લાયન્સ કલબ ઓફ સંવેદનાના સહકારથી વરચ્યુઅલ ડબ્બા ઊજાણી કાયેક્મ ઓનલાઈન યોજવામા આવ્યો



વજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડૉ.હરિ કૃષ્ણ ડાહ્યાભાઈ સવામી સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબલડ, અમદાવાદ તરફથી કોરોનાકાળમા જ્યારે શાળા ઓ બંધ છે ત્યારે છેલ્લા ૮મહિના થી મનોદિવ્યાગ વિદ્યાર્થીઓ ને ઓનલાઇન શિક્ષણ અને તાલીમ વિવિધ કાર્યક્રમો યોજી ને આપવા માં આવે છે. નવા વર્ષના સ્વાગત ના ભાગ રૂપે આજરોજ લાયન્સકલબ ઓફ સંવેદના ના સહકાર થી એક અનોખોકાયેક્મ × વરચ્યુઅલ ડબ્બા ઊજાણી × ઓનલાઈન યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઘરે થી ઓનલાઇન જોડાયેલા ૩૦ જેટલા વિદ્યાર્થીઓ ઓએ પોતાના ઘરને ડેકોરેટ કરી, લાલરંગના કપડાં પહેરી,વાલીઓ સહ જોડાયા હતા. શરીર ની તંદુરસ્તી માટે યોગા જરૂરી છે. એ મેસેજ આપવા સૌપ્રથમ યોગા કરાવામાં આવ્યા.ત્યારબાદ મનોરંજન ના ભાગ રૂપે બાળકો જોડે ડાન્સ કરાવવામાં આવ્યો. ત્યારબાદ નિયમ મુજબ વાલીની મદદથી બાળકો બનાવેલ વાનગી ઓ નુ વર્ણન વારાફરતી બાળકો એ કર્યુ હતું. જેમાં ફાફડા, સમોસા, પુલાવ, ઉપમા, ચીપ્સ, ચા-કોફી, કચોરી, મમરાની ચટપટી, લીબુશરબત, ચીઝ, સેન્ડવીચ,બટાકાપૌઆ,ભજીયાં,ભેળ,પાણી પુરી, જેવી વાનગીઓ રજૂ કરવા માં આવી હતી.આજે અગિયારસ હોઈ અમુક બાળકો કાતરી,વેફર ,ફરાળી મનચયુરન પણ લાવ્યા હતા. વર્ણન કર્યા બાદ વિદ્યાર્થીઓ એ ઘરે જ એમની ફેમીલીસહ વાનગી ને આરોગ્ઞી હતી.જયારે શિક્ષણગણે શાળા માં મોનેકોટોપીગ બનાવી ને આરોગી હતી. આ નઝારો ઓનલાઈન સ્ક્રીન પર જોતા લાગતુ હતું કે સાચેજ બધા ભેગા મળી જાણે ડબ્બા ઉજાણી કરી રહ્યા છે અને જુદા જુદા ભોજન નો આસ્વાદ માણી રહ્યા છે. ઓનલાઈન માં વાનગી શેર ન કરી શકયા પણ જાતે બનાવેલ વાનગી ઘરે જ બેસી સામુહિક ભોજન લીધું હોય એવો અનુભવ, ભાગ લેનાર સૌને થયો. કલબના સભ્ય અને કાર્યક્રમ ના સંચાલક શ્રી અમૃતા બેન તરફથી શ્રેષ્ઠ વાનગી,શ્રેષ્ઠ ડેકોરેશન,શ્રેષ્ઠ ડાન્સ ને ઈનામ આપવા માં આવ્યા હતા. સૌ પ્રથમ વાર કદાચ ઓનલાઈન×ડબ્બા ઊજાણી× નો અમારો આ કાર્યક્રમ યોજાયો હશે સમગ્ર દુનિયા માં..... એવું માની લઈ ખુબજ ખુશમને અમે પ્રોગ્રામ નુ સમાપન સૌનો આભાર માનીન ે કર્યુ હતું

# નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નવીફળી અને અમીયાર ગામ વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો

રાજપીપળા, તા ૯

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નવીફળી અને અમીયાર ગામ વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાવા

પામ્યો હતો .જેમાં એક કપાસ ભરેલી ટ્રક, કંટેનર અને એસટી બસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં કપાસ ભરેલી ટ્રકમાં આકસ્મિક રીતે આગ લાગી ગઈ હતી .જેના કારણે કપાસ ભરેલી ટ્રક સળગી જતા આગની જ્વાળાઓ બંને વાહનોને પણ લાગી જતા એસટી બસ અને કન્ટેનર પણ આગની લપેટમાં આવી જતા અને ત્રણેવાહનોમાં આગ ફાટી નીકળી હતી.જોકે સાગબારા તાલુકામાં અગ્નિશામક દળની કોઈ વ્યવસ્થા ન હોવાથી આ ત્રણેય વાહનોને આગથી બચાવી શકાયા નહોતા. અને તેને કારણે એ વાહનો આગમા બળીને ભસ્મીભૂત થઇ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શાગબારા તાલુકાના નવીફળી અમીયાર પાસે નેશનલ હાઈવે નંબર ૭૫૩ પરથી પસાર થતી સાગ બારાથી ૫ કિલોમીટર દૂર હાઈવે રોડ ઉપર દેવમોગરા થી સેલંબા જતી એસટી બસ અને ડેડીયાપાડા થી મહારાષ્ટ્ર તરફ આવતું કન્ટેનર તથા મહારાષ્ટ્ર તરફથી ગુજરાત જઈ રહેલી કપાસ ભરેલી ટ્રકને અકસ્માત નડતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો .જોકે આ અકસ્માતમાં એસટી બસ અને ટ્રકના ડ્રાઈવર અને કંડકટર પણએમ કૂલ ચાર જણાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ૧૦૮ નેબોલાવી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારાઘટના સ્થળે પ્રાથમિક સારવાર આપ્યા બાદ તાત્કાલિક વધુ સારવાર માટે તેમને શાગબારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંખસેડવામા આવ્યા હતા. જોકે આ અકસ્માત થતાં હાઈવેની બંને બાજુ બેબે કિલોમીટર સુધી વાહનો ની લાંબી કતાર લાગી જતા ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા .જોકે ઘટના સ્થળે પોલીસ પહોંચી ગઈ હતી. અને આગને અને ટ્રાફીકનેકાબૂ મા લેવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે સાગબારા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

જયોતિ જગતાપ, રાજપીપળા

# માણાવદર અને વંથલી તાલુકાનાં ૩૪ ગામોને ખેતી વિષયક વીજળી આપવાનો પ્રારંભ




માણાવદર અને વંથલી તાલુકાનાં ૩૪ ગામના ૪૬૭૭ ખેતી વિષયક વીજ જોડાણ માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસે વીજળી આપવાનો પ્રારંભ કરાયો હતો. પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા એ માણાવદર ખાતેથી સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. ખેડૂતોની આવક બમણી કરવા સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી મંત્રીશ્રી ચાવડાએ કહ્યું કે વીજળી નું રૂપાંતર થાય છે. ખેડૂતો માટે દિવસે વીજળી આપવા સંપૂર્ણ વ્યવસ્થા કરવી પડે છે. વર્તમાન સરકારે તમામ કાર્યવાહી પૂરી કરી ખેડૂતોને દિવસે વીજળી મળતી થાય તેવી વ્યવસ્થા કરી છે.

સાસંદ શ્રી રાજેશભાઈ ચુડાસમા એ રાજ્ય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે તેમ જણાવી કહ્યુ કે, દિવસે વીજ પુરવઠો મળતા ખેડૂતોને રાત ઉજાગરા બંધ થયા છે. રાજ્ય બીજ નિગમના પૂર્વ ચેરમેન શ્રી રાજશીભાઈ જોટવા એ કિસાન યોજના ખેડૂતો માટે નવો સૂર્યોદય લાવશે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે પીજીવીસીએલના અધિક ઈજનેર એન.જે.કારીયા એ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમ ની રૂપરેખા નાયબ ઈજનેર કે.બી. પટેલે આપી હતી માણાવદર તાલુકા ભાજપ પ્રમુખ હરસમુખભાઈ ગરાળા, પ્રાંત અધિકારી ગોવાણી, માણાવદર પીજીવીસીએલ એક ના નાયબ ઈજનેર ડી.એન. રૂપારેલીયા, પીજીવીસીએલ બેના નાયબ ઈજનેર આર.એન.ચોટલીયા અગ્રણી દિનેશભાઈ ટીલવા, ગોવિંદભાઇ સવસાણી જીતુભાઈ પનારા, ન.પા.પ્ર પુષ્પાબેન ગોર ખેડૂતો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ પીજીવીસીએલના કાર્યપાલક ઈજનેરશ્રી વોરાએ કરી હતી

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# મોડાસામાં તસ્કરોની જમાવટ : સતત ચોરી લૂંટની ઘટનાઓથી લોકોમાં ભય

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસામાં શહેરમાં તસ્કરો બેફામ બન્યા છે.રોજબરોજ ચોરીના કિસ્સો સામે આવી રહ્યા છે ત્યારે મોડાસા-શામળાજી રોડ પર ડીપ વિસ્તારમાં સ્મશાનની પાસે આવેલ ભાગ્યોદય માર્બલ નામની દુકાનના પરિસરમાં પાર્ક કરેલ પીકઅપ ડાલું પરિસરના દરવાજાનું તાળું તોડી વાહનચોર ત્રાટકી પીકઅપ ડાલુ લઇ રફુચક્કર થઈ જતા દુકાનમાલિકના હોશકોશ ઉડી ગયા હતા પીકઅપ ડાલાની ચોરીની ઘટના દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી પીકઅપ ડાલાની ચોરીની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ફૂટેજ મેળવી પ્રાથમિક તપાસ હાથધરી વાહનચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

ગુરુવારે રાત્રે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં સ્મશાનની સામે આવેલ ભાગ્યોદય માર્બલની દુકાન અને ગોડાઉન બંધ કરી દુકાનમાલિક અને કર્મચારીઓ ઘરે ગયા હતા શુક્રવારે સવારે દુકાન માલિક દુકાન પર પહોંચતા દુકાનના પરિસરમાં પાર્ક કરેલ પીકઅપ ડાલુ જોવા ન મળતા આજુબાજુમાં તપાસ હાથધરી હતી દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા શુક્રવારે વહેલી સવારે ત્રણ અજાણ્યા વાહનચોરો દુકાનના પરિસરના દરવાજાનું તાળું તોડી બિન્દાસ્ત પ્રવેશ કરી પીકઅપ ડાલુ ચોરી કરી વાહનચોર પલાયન થઇ જતા હોવાનું સીસીટીવી કેમેરામાં જોવા મળતા દુકાન માલિકે પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા શહેરમાં તસ્કરો જાણે ખાખીને ચેલેન્જ આપી રહ્યા હોય તેમ ચોરી લૂંટ તસ્કરી અને વાહનચોરીની ઘટનાઓને સતત અંજામ આપી રહ્યા છે શહેરમાં રોજબરોજ સામે આવતી ચોરીના કિસ્સાઓ ને લઈ નગરજનો તેમજ વેપારીઓમાં રોષ ની લાગણી જોવા મળી રહી છે પોલીસ રાત્રી પેટ્રોલિંગ વધારે તેવી લોકો માં માંગ ઉઠી છે.

### મોતનો live video

# શામળાજી મંદીર પરિસરમાં આવેલી વાવ જોવા જતા ભરૂચની મહિલાનો પગ લપસતાં વાવમાં ખાબકતા કમકમાટીભર્યું મોત



અરવલ્લી બ્યુરો મોડાસા

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં મોટી સંખ્યામાં ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે શામળાજી મંદિર પરિસરમાં આવેલી કલાત્મક વાવ પણ ભક્તોના મન મોહી લે છે ત્યારે ભરૂચથી દર્શનાર્થે આવેલ પરીવારની મહિલા અને યુવતી વાવ જોવા જતા મહિલાએ વાવના કઠેરાની અંદર આવેલ પથ્થર પર પગ મુકવા જતા પગ લપસતાં મહિલા ધડામ લઈ વાવમાં ખાબકતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહીના ફુવારા ઉડ્યા હતા મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું સમગ્ર ઘટનાના પગલે મહિલાના પરિવારજનો અને ભક્તોમાં શોકનો માહોલ છવાયો હતો શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી લોકોના જણાવ્યા અનુસાર ફોટા પડાવવા જતા મોત ભેટ્યું હતું

ભરૂચની વાસુદેવ સોસાયટીમાં રહેતા અને વકીલ દક્ષેશ મગનલાલ રાંદેરિયા પરિવાર સાથે શામળાજી મંદિરના દર્શનાર્થે આવ્યા હતા સહપરિવાર મંદિરમાં દર્શન કર્યા બાદ તેમના પત્ની શિલ્પાબેન રાંદેરિયા પરિવારની યુવતી સાથે મંદિર પરિસરમાં આવેલ વાવ જોવા પહોંચ્યા હતા મહીલા વાવની અંદર કઠેરાની નીચે આવેલ પથ્થર પર પગ મૂકી અંદર જોવે તે પહેલા ચક્કર આવતા પગ લપસી જતા ઉંડી વાવમાં ખાબકતા સાથે રહેલી યુવતિ હતપ્રભ બની બુમાબુમ કરી મુકતા પરિવારજનો અને ભક્તો વાવમાં દોડી ગયા હતા અને વાવમાં ખાબકેલા મહિલાનું માથાના ભાગે ગંભીર ઈજાના પગલે મોતને ભેટતા પરિવારજનોએ રોકોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી મંદિર પરિસરમાં શોકની લાગણી છવાઈ હતી વાવ ખુલ્લી હોવાથી અકસ્માતની ઘટનામાં મહિલાનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# શ્રીરામ મંદિર નિર્માણ દ્વારા ખારીયા શિવ મંદિરમાં મિટીંગ યોજાઈ...



અયોધ્યામાં ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર બનાવવાનું કામકાજ આરંભી દેવાયું હોઈ શ્રીરામના ભક્તજનો શ્રીરામ ભગવાનનું જે ભવ્ય મંદિર બનાવવાનું સ્વપ્ન હતું તે પૂર્ણ કરવા આયોજનો ચાલી રહ્યાં છે, ત્યારે કાંકરેજ તાલુકાના ખારીયા ગામે શિવ મંદિરોમાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ કાંકરેજ તાલુકા મંડળ દ્વારા મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. ખારીયા શિવ મંદિરમાં યોજાયેલ મિટીંગમાં શ્રીરામ જન્મભૂમિ અંતર્ગત ફંડ એકઠું કરી શકાય તે માટે ગામમાંથી ટીમ બનાવવામાં આવી હતી, જે ટીમ ગામના દરેકની ઘરે ઘરે ફરી શ્રીરામ ભગવાનના મંદિર નિર્માણ માટે નિધિફંડ એકત્રિત કરશે, આ પ્રસંગે શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ કાંકરેજ તાલુકા મંડળની ટીમના સહ્યોજક દિપકભાઈ જોશી, સોવનજી ઠાકોર, ગમનભાઇ દેસાઈ, અમરતભાઈ દેસાઈ, વિરમસિંગ વાઘેલા, નિર્ણય જોશી, ખારિયા ગામના સહ્યોજકો, કાનુભા બી વાઘેલા, ચેહરસિંહ વાઘેલા, નાથુભા બી વાઘેલા, કિર્તિસિંગ વાઘેલા, ગુલાબસિંહ વાઘેલા, સિધ્ધરાજસિંહ કે વાઘેલા, કનુજી ઠાકોર, વનુભા વાઘેલા, શિવ મંદિર ના પુજારી સહિત ગ્રામજનો મિટીગમાં ઉપસ્થિત રહી શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ફંડ એકત્ર કરવા સંદર્ભે દરેક ગામમાં ટીમ નિર્માણ કરવા સહભાગી થયા હતા.

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.